Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું.
અંક ૧૧ મો.

સંવત ૧૯૯૮
પ્ર. જેઠ



પરમપૂનિત શ્રી પુંડરીકગિરિરાજ

પ્રકાશક.
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧. આદિ જિનંદ સ્તવન. | ( સુયશ ) | ૨૪૫ |
| ૨. આમ્રવૃક્ષાન્યોક્તિ | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૪૬ |
| ૩. વિકાસના પંથે | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૪૮ |
| ૪. નવતત્ત્વ | ( અમરચંદ માવજી શાહ ) | ૨૫૨ |
| ૫. તાત્ત્વિક ઉપદેશ વચનો | ( આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી પ્રશિષ્ય મુનિ પુણ્યવિજય: સંવિગ્નપાક્ષિક ) | ૨૫૩ |
| ૬. સમભાવ | ( યોગશાસ્ત્ર ) | ૨૫૫ |
| ૭. શ્રી હરિભદ્રસૂરિ | ( ઉદ્ધૃત ) | ૨૫૬ |
| ૮. તનમનધનની સફળતા અને નિષ્ફળતા | ( અમરચંદ માવજી શાહ ) | ૨૫૯ |
| ૯. સુભાષિત વચનામૃતો | ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૬૦ |
| ૧૦. શ્રી વિજયાનંદસૂરિને | ( ,, ) | ૨૬૧ |
| ૧૧. એક એકાન્તવાસી મહાત્માનો ઉપદેશ | ( અનુ. અભ્યાસી બી. એ. ) | ૨૬૨ |
| ૧૨. શ્રી મુનિસુંદરસૂરિ | ( મોહનલાલ દ. દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ ) | ૨૬૫ |
| ૧૩. વર્તમાન સમાચાર ( પંજાબ સમાચાર વિ. ) | | ૨૬૭ |


## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. શાહ નગીનભાઇ હરજીવનદાસ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| ૨. શાહ બલવંતરાય ભાઇચંદભાઇ | ,, | ,, |

## અમારા માનવંતા ગ્રાહકોને ૩૯-૪૦ મા વર્ષનું ભેટ પુસ્તક

## " શ્રી વિજયાનંદસૂરિ "

આવતા શ્રાવણ માસથી ' શ્રી આત્માનંદ પ્રકાશ ' માસિક ૪૦ મા વર્ષમાં પ્રવેશ કરે છે. ચાર વર્ષથી આત્માનંદ પ્રકાશ માસિકનું કદ ( મોટામાં મોટું ) ફોર્મ આઠ પેજી કરેલ છે. વળી વિદ્વાન મુનિમહારાજાઓ અને લેખક બંધુઓના વિવિધ લેખોવડે અને દર માસે નવીન સુંદર રંગોના તીર્થોના ફોટાવડે સુશોભિત, સુંદર અક્ષરો અને સુંદર ટાઇટલવડે સમૃદ્ધ બનેલ હોવાથી ખર્ચ પણ સ્વાભાવિક વધેલ છે, છતાં દર માસે નિયમિત પ્રકટ થયા કરે છે.

હાલમાં ભયંકર લડાઇ ચાલતી હોવાનાં કારણે બે વર્ષથી કાગળો બ્લોકો અને કલરોના ભાવ ત્રણ ગણા વધ્યા છે ( માત્ર છપાવવાના ભાવ વધ્યા નથી ), છતાં આવી ભયંકર લડાઇ માત્ર પચ્ચીશ કે પચાસ વર્ષે દેશના અશુભ ઉદયે જ આવેલ હોવાથી કાગળો વગેરેના ભાવ વધવા છતાં, પણ **' આત્માનંદ પ્રકાશ 'ને બીલકુલ હાનિ પહોંચવાનો ભય નથી**, કારણ કે આવો મોંઘવારીનો પ્રસંગ વારંવાર આવતો નથી, તેમ બે ચાર વર્ષ રહે તેથી મોટી ખોટ જવાનો ભય પણ માસિક માટે નથી, કારણ કે ખોટ જતી હોય તો પણ સભામાં બીજા મકાનભાડું, પુસ્તક-

( અનુસંધાન ટાઇટલ પૃષ્ઠ ૩ જું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૯ મું : આત્મ- સં. ૪૬ : વીર સં. ૨૪૬૮ : જયેષ્ઠ :
અંક : ૧૧ મો : વિક્રમ સં. ૧૯૯૮ : જુન :

# આદિ જિનંદ સ્તવન

[ તર્જ-તું રામ ભજન કર પ્રાણી : ફિલ્મ સંત તુલસીદાસ ]

તું આદિ જિનંદ ભજ પ્રાણી, તેરી જો દુઃખકી જિંદગાની,
ચંચળ કાયા, ચાપલ માયા, બાદલ સમ છાંઈ દુઃખ છાયા;
ફુટ જાયેગા તનકા ફુગા, બીજા ધર્મી-ધ્યાની—તું૦ ૧

અપને મનસેં મત કરો, રામા-રમાનો પ્યાર,
દોનો સંગ તજા લેના, હોગા દિલ મલ્હાર.
તુમ કરલો પૂન્ય કમાણી. મનવા—તું૦ ૨

કયું રે ભૂલતા ધર્મ કો માની, બીત જાતી હૈ મસ્ત જવાની,
નાથ જપી લે રાત-દિનભર, છોડ છોડ તું દીવાની—તું૦ ૩

જિસને આદિનાથ ગુન ગાયા, ઉસકો મિલેગી સુખકી છાયા,
સુયશકા આધાર આપ એક હૈ, મૈં હો આત્મ સુકાની—તું૦ ૪

—સુયશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आम्रवृक्षान्योक्ति.

वसंततिलका वृत्त.

किं जातोऽसि चतुष्पथे घनतरं छन्नोऽसि किं छायया,
छन्नश्चेत्फलितोऽसि किं फलभरैराढ्योऽसि किं संनतः ।
हे ! सद्वृक्ष सहस्व संप्रति सखे ! शाखाशिखाकर्षण-
क्षोभामोटनभंजनानि जनतः स्वैरेव दुश्चेष्टितैः ॥ १ ॥

સાહિત્યામૃતના રસાસ્વાદુ વહાલા વાચકબન્ધુઓ !

પુણ્યપ્રભાવ અને પરમાર્થની સાક્ષાત્ મૂર્ત્તિ સમાન વૃક્ષાધિરાજ આમ્રવૃક્ષ-(આંબા)ને સંબોધી કોઇ પથિક અન્યોક્તિથી કહે છે કે:—

હો ! આમ્રવૃક્ષ !! તારી અમીરાતભરી ખુદ ખાનદાની જોઇ ગ્રીષ્મના આ ભીષ્મ તાપને હું વીસરી જાઉં છું. વાહ ! શી તારી તાપહર શીતળ છાંયા ! આ પ્રમાણે શાંત અને પ્રસન્ન મુખથી તે મુસાફર આ વૃક્ષની પ્રશંસા કહેવા લાગ્યો ત્યાં વૃક્ષ પોતે જ પોતાની આપવીતી કહેવા લાગ્યું કે–ઓ ગુણગ્રાહક ભલા મુસાફર ! તું ભલે આવ્યો. મારું આત્મકથન સાંભળવા તું ખરેખર લાયક છો. સજ્જન વિના હૃદયપટ આજ સુધી હું ખોલી શકયું જ નથી, ભાઇ પાન્થ ! હવે મારું હૃદયવૃત્તાંત જરા સાંભળ !

હમેશાં જ સૂર્યોદયથી તે ઠેઠ સૂર્યાસ્ત સુધીમાં મારે કેટકેટલું અંગદુઃખ સહેવું પડે છે, મુસાફરો મને કેટલી કનડગતો કર છે તેનું યથાર્થ વર્ણન તો હું નથી કહેતું, પણ વિવિધ પ્રકૃતિના વિવિધ મુસાફરો પૈકી કોઇ મારાં પાદડાંઓ તોડે છે તો કોઇ વળી આખી ડાળીઓ કાપી નાખે છે, કોઇ પત્થર મારી ફળ તોડે છે તો કોઇ મારું આખુંય આંગણું છિન્નભિન્ન કરી ચાલ્યા જાય છે. આ બધી પજવણી હું છેક મૂંગે મોઢે સહન જ કર્યા કરું છું–આ પ્રમાણે વૃક્ષરાજ પોતાની વાત મુસાફરને કહી બતાવે છે એટલામાં એક થાકેલો કવિ પણ તે જ સ્થળે વિસામો લેવા આવેલ, તે આ બધી વાતો સાંભળતાં જ તત્કાળ બોલી ઊઠયો કે–ઓ વૃક્ષશિરોમણિ ! આ બધું તું જે કહે છે તે તારી પજવણી–કનડગત છે કે તારા જીવનની કીર્તિકથા છે ? જો તું એને પજવણી કહેતો હો તો હું જ તને પૂછું છું કે હે ભાઇ ! પ્રથમ તો તું આ પ્રસિદ્ધ ચારે તરફના એકત્ર થતાં ધોરી રસ્તા પર ઊગ્યો જ શા માટે ? ભલે અહીં તું ઊગ્યો પણ તું રૂપાળાં ચળકતાં માંગલિક પાંદડાંથી ઘનઘટાવાળો શા માટે થયો ? કદાચ શીતળ છાંયાવાળો થયો તો ભલે પણ અમૃત જેવાં સ્વાદિષ્ટ ફળવાળો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શા માટે થયો ? વળી ફળભરિત થયો તો ઠીક પણ એવાં લલચાવનારાં મધુર ફળો વાળો થયા પછી તું તારાં અંગો (ડાળીઓ) સહિત હેઠ ભૂમિ સુધી નમ્યો શા માટે ? આ બધા ય પ્રશ્નોનું રહસ્ય ફક્ત એક જ નીકળે છે કે આ બધી બાબતો કોઇ રાજાને, સાચા સંતને અને પરમ ધાર્મિક સજ્જનોને જ લાગુ પડે છે, માટે હે ભાઇ આંબા ! આ તો ખરેખર તારી કીર્તિકથા જ છે. આખા ય વનસમાજમાં તું એક દાનવીર છો, તારી સાથે તુલનામાં મુકાય એવું વૃક્ષ ક્યાંય દૃષ્ટિએ પડતું જ નથી. હાથમાં પત્થર લઇ તારા પર ઘા કરે, એ જ ઘા કરનારના હાથમાં તું તારું અમૃતફળ આપે છે, એવો અનુપમ અદ્વિતીય દાતા તું જ છો.

વૃક્ષો તો અપાર છે, થોડાક દાખલાઓ આપું. આસોપાલવ વૃક્ષ તારા સમાન શોભાવાળું છે, પણ તેનો આશ્રય કરનાર શીતળ છાંયા જ માત્ર મેળવે છે, તેની ક્ષુધા તે વૃક્ષ મટાડી શકતું નથી; કેમકે તે અફળ ( ફળ વિનાનું ) છે. શાલ્મલિ (શેમળાનું) વૃક્ષ ભવ્ય ભભકાર દેખાવ માત્ર જ છે. ત્યાં બધાં પક્ષીઓ ઠગાઇ, નિરાશ થઇ પાછાં વળે છે. કમલના છોડ સૌરભ અને મકરંદ(પુષ્પરસ)વાળા છે, પણ તે કાદવમાં જન્મેલા છે, નિમ્બવૃક્ષ તો પ્રત્યક્ષ કટુ (કડવાં જ) છે—એવાં અનેક દૃષ્ટાંતો નજર સમીપ મોજુદ છે, પણ પુણ્ય અને પરમાર્થવાળું વૃક્ષ તો તું એક જ છો માટે જ પંડિતો, વિદ્વાનો, સાક્ષરો, કવિઓ વગેરે તને વૃક્ષોના રાજાધિરાજરૂપે વર્ણવે છે.

તારી ધૈર્ય, શમતા, સહનશીલતા અને દાનાઢ્યપણાની તો બલિહારી જ છે. વીરા આંબા ! તું તો તું જ છે.

ક્ષમાવાનમાં તો તું અગ્રગણ્ય છે અને **क्षमा वीरस्य भूषणं** એ વાક્યનો તેં સાક્ષાત્કાર કર્યો છે.

તારો જન્મ સફળ છે, જેની બળ-સંપત્તિ-સમૃધ્ધિ પરમાર્થે વપરાય એવા નરરત્નોમાં તારી ગણત્રી છે માટે **धन्योऽसि ! धन्योऽसि !**

વસંતતિલકા વૃત્ત.

"પરમાર્થી" પદ્વીધર એક તું આમ્રવૃક્ષ,
તારું સદાય શુભ સંત સમાન લક્ષ;
સર્વાંગ અર્પણ કરે સહુ પ્રાણી માટે,
તારા સમું અવર વૃક્ષ ન વાટ-ઘાટે. ૧
પાંથિક કં વિવિધરૂપ કરે ક્ષતિઓ,
તારું કરે સ્તવન યોગી અને યતિઓ;
સંસારમાં સફળ જીવન ભાઇ તારું,
આશિષ અંતરથી આજ તને ઉચ્ચારું. ૨

દોહરો

પરમારથના પંથમાં, દિવ્ય તુજ દૃષ્ટાંત,
ધન્ય જન્મ દાનાઢ્યનો, શાસ્ત્રતણો સિધ્ધાંત. ૧

કવિ રેવાશંકર વાલજી બધેકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે: આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

# વિકાસના પંથે.

આત્મા તો અપંગ છે. કાર્ય કરવાવાળી વૃત્તિ છે. આત્મા વૃત્તિને કાર્ય કરવાની રીત બતાવી શકે, સારા–નરસા કાર્યની સમજ પાડી શકે પણ કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ કર્તવ્યરૂપે ન કરી શકે.

વૃત્તિ અનુસાર વર્તન કરનાર વિભાવ સ્વભાવી આત્મા વ્યવહારથી અતાત્ત્વિક દૃષ્ટિથી કર્તા કહી શકાય ખરો, પણ તાત્ત્વિક દૃષ્ટિથી તપાસીએ તો આત્મા અક્રિય છે. સક્રિય તો જડ તથા જડના વિકારો જ છે. આત્માનો કરવાપણાનો સ્વભાવ તાત્ત્વિક હોય તો સિદ્ધાત્મા–મુક્તાત્મામાં પણ કરવાપણાનો પ્રસંગ આવી જાય છે અને તેમ થવાથી આત્મા અનાત્મા થઇ જાય છે, મુક્તાત્મા સ્વરૂપથી નષ્ટ થાય છે.

સંસારમાં કોઇપણ વસ્તુ સ્વભાવનો ત્યાગ કરી શકતી નથી, કારણ કે સ્વભાવનો ત્યાગ કરવાથી વસ્તુનો નાશ થઇ જાય છે. સ્વ એટલે પોતાનું, ભાવ એટલે હોવાપણું. સ્વભાવનો–પોતાના હોવાપણાનો–અસ્તિપણાનો ત્યાગ એટલે નાશ થાય તો પછી સંસારમાં નિશ્ચિત સ્વરૂપવાળી કોઇપણ વસ્તુ રહે જ નહિ. આત્માનો સ્વભાવ જાણવાપણું–અક્રિયપણું છે. તે ત્રણે કાળમાં એક રૂપે જ રહે છે. તેમાં પરિવર્તન નથી. અને જડનો સ્વભાવ સક્રિયપણું–અનાત્મજ્ઞપણું છે. તે પણ ત્રણે કાળમાં ફરતું નથી. ઉભય( જડ–ચૈતન્ય )ના સંયોગથી વિલક્ષણતા ભાસે છે. આત્મા સક્રિય ભાસે છે, પણ તે વિભાવ છે. સ્વભાવ તાત્ત્વિક વસ્તુ નથી. એકલા આત્માની જ વિભાવદશા થાય છે તેમ નથી; પણ ઉભયના સંયોગથી ઉભયની વિભાવદશા થાય છે. આત્માની માફક જડની પણ વિભાવદશા થાય છે. જેવી રીતે આત્મા પરપરિણતિમાં ભળી સ્વરૂપને ભૂલે છે તેવી જ રીતે જડ પણ પરપરિણતિમાં ભળી સ્વરૂપને ભૂલે છે, ભૂલે છે એટલું જ, પણ છોડતા નથી. બન્ને મળ્યા પછી અતાત્ત્વિક દૃષ્ટિથી જોનારને ઉભયના સ્વરૂપથી વિલક્ષણ કોઇ ત્રીજું જ સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે કે જેને ઓળખવા માટે વિભાવ એવી સંજ્ઞા રાખવામાં આવી છે. જ્યારે બન્ને છૂટા પડે છે ત્યારે વિલક્ષણતા–વિભાવ નષ્ટ થવાથી પોતપોતાના સ્વરૂપમાં પ્રગટી નીકળે છે. પછી જેને સ્વભાવસ્થ થયાં કહે છે. જેવી રીતે સર્વથા જડથી મુકાઈ જવાથી આત્માની મુક્તદશા કહેવાય છે તેવી જ રીતે સર્વથા આત્માથી મુકાઇ જવાથી જડની પણ મુક્તદશા થાય છે. આ પ્રમાણે બન્નેની મુક્તદશા એક સરખી હોવા છતાં આત્મા મુક્તદશામાં પોતાના સ્વભાવ પ્રમાણે અખંડપણે જાણવાપણાના પરિણામમાં વર્તે છે, ત્યારે જડ મુક્તદશામાં પોતાના સ્વભાવ પ્રમાણે ખંડ ખંડ થઇ જઇને સક્રિયપણે અનેક પ્રકારના જડોના સંયોગવિયોગના પરિણામમાં વર્તે છે. ચૂનો અને હળદરના સ્વભાવમાં ઘણું જ અંતર છે. બન્ને ભિન્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વભાવવાળાં છે. ચૂનો ધોળો અને હળદર પીળી હોય છે; છતાં બન્ને જ્યારે ભેગાં થાય છે ત્યારે લાલ રંગ દેખાય છે. ધોળાપણું અને પીળાપણું ઢંકાઈ જઈને જે લાલ રંગ દેખાય છે તે જ તેની વિભાવદશા છે. પ્રયોગથી જ્યારે બન્નેને અલગ કરવામાં આવે છે ત્યારે બન્ને પાછા પોતપોતાના સ્વરૂપમાં પ્રગટી નીકળે છે. ચૂનો ધોળો થઇ જઇને ચૂનાના રૂપે દેખાય છે અને હળદર પીળી થઈ જઈને હળદરના રૂપે દેખાય છે. બન્ને પાછા પોતપોતાના સ્વભાવ પ્રમાણે પોતપોતાના કાર્યમાં પરિણત થઈ જાય છે. ભેગા ભળેલા કંકુનું કાર્ય કરનારા હોય છે. બેઉ મળી એક જ કાર્ય કરે છે અને છૂટા પડી જુદું કાર્ય કરે છે તેવી જ રીતે જડ–ચૈતન્ય પણ ભેગાં ભળી સંસારી કહેવાય છે અને બન્ને એક કાર્ય કરે છે. તે જ છૂટા પડી ગયા પછી સ્વતંત્રપણે પોતપોતાનું કાર્ય કરે છે. સિનેમામાં બે વસ્તુઓ હોય છે. એક તો ફિલ્મની પટી અને બીજું લાઇટ (અજવાળું). આ બન્ને વસ્તુઓમાં લાઈટ અક્રિય છે અને ફિલ્મ સક્રિય છે. આત્મા લાઇટના સ્થાને છે અને કર્મ પ્રકૃતિ-વૃત્તિ ફિલ્મની પટીના સ્થાનમાં છે. લાઇટ અચળ છે, ફિલ્મ ચળ છે. લાઇટમાં ફિલ્મની ક્રિયા ભાસે છે પણ લાઇટ ક્રિયા કરતી નથી. આત્મામાં જડની ક્રિયા ભાસે છે, પણ આત્મા અક્રિય છે. લાઈટ ન હોય તો ફિલ્મની ક્રિયા કોણ જાણે–જણાવે ? આત્માનો સ્વભાવ જાણવું ને જણાવવું, બાકીનો સ્વભાવ જડનો. પોતાને ઓળખ્યા સિવાય બધું ય નકામું. પારકાને ઓળખતાં અનંતો કાળ વહી ગયો પણ તેને પણ ઓળખી શક્યા નહિ. કર્મની સાથે વસતાં અનંતો કાળ ગયો તો પણ તેના દુષ્ટ સ્વભાવને ઓળખી શક્યા નહિ. હંમેશાં જડનું જ ધ્યાન અને જડની જ સેવા. સાચું જાણવારૂપ પોતાનું કાર્ય છોડીને ખોટું જાણવું અને જડને પોષવું અને સમજવું પણ ખોટું. ખોટું સમજીને માનવું સાચું. અગ્નિને અડકે તો તરત બળે અને ઝેર ખાય તો તરત મરે; એટલે જ માનવી તાત્કાલિક ફળ આપનાર વસ્તુઓથી વેગળા રહે છે. અધર્મ અને અનીતિ કાળાન્તરે ગુપ્તપણે ફળ–સજા કરે છે માટે તેનાથી વિરામ પામતા નથી.

સંસારનો અનુયાયી, જગતના પગલે જડાસક્ત ઇચ્છાઓનો રોધ કરી શકતો નથી, આત્મવિકાસના માર્ગને સર્વથા સમજી શકતો નથી, અજ્ઞાનીઓના માનની આકાંક્ષા રાખ્યા કરે છે, જ્ઞાનીઓના ગુણની પરવા કરતો નથી. સંસારની વિભૂતિ–ઐશ્વર્ય મળવા માત્રથી જ જીવનની સફળતા માને છે, નિરંતર મદથી મુંઝાયેલો રહે છે, પોતાની જાતનો વધુ ને વધુ શત્રુ બનતો જાય છે, આત્માર્થી મહાપુરુષોને તુચ્છ ગણે છે, સઘળા ઉપર આધિપત્ય સ્થાપવાની ધૂનવાળો હોય છે. આવા પુરુષો માટે ત્યાગ કે વૈરાગ્ય જેવી કોઈ વસ્તુ જ નથી.

સંસારમાં જ સ્વર્ગ અને સંસારમાં નર્ક માને છે અને મોક્ષ એટલે સમજ વગરના માનવીઓનું કલ્પનાચિત્ર માને છે. પૌદ્ગલિક સુખોને અનુલક્ષીને ધાર્મિક ક્રિયાઓ કરનારની મનોવૃત્તિ સત્ય ધર્મની વાસના ન હોવાથી યથાર્થ પ્રવૃત્તિ કરી શકતો નથી. કાંઇક કરીશું તો સુખ મળશે, સાજા રહીશું, ધન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળશે વિગેરે વિગેરે ભાવનાઓને વશીભૂત હોવાથી દેખાદેખી સમજ વગરની ક્રિયાઓ કરે છે, માટે જ તેમની મનોવૃત્તિમાંથી કર્મ-વિકાર શાન્ત થતો નથી અને પાછો કર્મ બાંધવા કારણો સેવે છે. શ્રદ્ધા વગર શક્તિ-પણે, કાંઇપિણ ફળ મળશે કે નહિ ? એવા એવા વિચારો ધાર્મિક ક્રિયા કરતી વખતે પણ તેના મનમાં વિચરતા હોવાથી શુદ્ધ ક્રિયા કરી શકતો નથી. મનશુદ્ધિ વગરની ધાર્મિક ક્રિયા એક પ્રકારની વેઠ જ કહેવાય છે. સંસારમાં રહેતો ગૃહસ્થ સર્વત્યાગ કરી શકતો નથી. સર્વત્યાગ તો સર્વથા નિઃસ્પૃહી સંતપુરુષો જ કરી શકે છે માટે આત્માર્થી સત્ય ધર્મને ઓળખનાર પણ આત્મશુદ્ધિ માટે ક્રિયા કરી મિથ્યા દુષ્કૃત દઈ પાછો અશુદ્ધિનાં કારણો સેવે છે, કારણ કે ગૃહસ્થ છે. ફક્ત પુદ્ગલાનંદી અને આત્માનંદીમાં ફરક એટલો જ હોય છે કે પુદ્ગલાનંદી તન્મય થઇને સેવે છે અને આત્માનંદી લુખાશ વૃત્તિથી સેવે અને કાંઇક ઓછાશ ઉપર આવતો જાય છે. અનાદિ કાળથી અનેક પ્રકારના દોષોથી ઓતપ્રોત થયેલો આત્મા જલદી-થી દોષમુક્ત-શુદ્ધ થતો નથી. શુદ્ધિના માર્ગે વળ્યા પછી અનેક પ્રકારના વિઘ્નોને ઓળંગ-તાં ઓળંગતાં અનેક ભવ પછી સંપૂર્ણ શુદ્ધિ મેળવી શકે છે. શ્રી મહાવીર પ્રભુ નયસારના ભવથી શુદ્ધિના માર્ગે વળ્યા હતા. તેમને સંપૂર્ણ શુદ્ધિ મેળવતાં અનેક ભવ કરવા પડયા. ક્રોડાક્રોડ સાગરોપમ પછી પોતે સર્વ દોષોથી મુક્ત થઇ પ્રભુ બન્યા. શુદ્ધિની શરૂઆત કરવાને માટે માનવજીવન અત્યંત શ્રેષ્ઠતર છે. માનવજીવનમાં તુચ્છ વૈષયિક સુખ વિસારી આત્મશુદ્ધિના સંસ્કાર નાખવામાં આવે તો દરેક ભવમાં શુદ્ધિનો માર્ગ અનાયાસે જલદી પ્રાપ્ત થઈ શકે છે. મોહને નિર્બળ બનાવવા માનવજીવન જેટલું સંસારી કોઇપણ જીવન સમર્થ નથી. તેમજ મોહને સબળ બનાવવાને માટે પણ માનવજીવન જ સમર્થ છે.

માનવી જડ અને જડના વિકારરૂપ જડ જગતનો સ્વામી બનવા જેટલી કાળજી રાખે છે અને છૂટથી માનવજીવનનો ઉપ-યોગ કરે છે તેટલી જ કાળજી અને જીવન-વ્યય સમ્યગ્દર્શનાદિ ચૈતન્ય જગતનો સ્વામી બનવા કરે તો સર્વ દોષોથી મુક્ત થઇને બન્ને જગતનો સ્વામી બની શકે છે. પણ અજ્ઞાનતાથી માનવી મોટી ભૂલ કરે છે. ધન, બાગ, બંગલા, જમીન, વસ્ત્ર. ઘરેણાં વિગેરે જડ વસ્તુઓ પોતાની માલીકીની બનાવી રાજી થાય છે. પોતે એમ માને છે કે આ બધી વસ્તુઓનો હું સ્વામી છું. આ બધી વસ્તુઓનો હું ભોગવનાર છું. કેટલી બધી અજ્ઞાનતા ! કેટલી ગેરસમજ !

તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરનાર, ઉપશમ ભાવે અવલોકન કરનાર જ્ઞાની પુરુષોને તો આવી માન્યતાવાળા બાળજીવો ઉપર અત્યંત કરુણા ઉપજે છે; કારણ કે આવા જીવો અજ્ઞા-નતાને લઇને જડ વસ્તુઓ ઉપર સ્વામી-પણાનું અભિમાન ધરાવે છે, પણ તે સ્વામી નથી સેવક છે, ગુલામ છે, તાબેદાર છે. પોતે જડ વસ્તુઓ પાસેથી આનંદ-સુખની ભિખ માગતા હોવાથી ભીખારી છે. પોતે વસ્તુઓને નથી ભોગવતા પણ જડ વસ્તુઓ તેના અમૂલ્ય જીવનનો ઉપભોગ કરી તેને નિર્માલ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવે છે. જે જીવન પોતાના વિકાસ માટે વાપરવાનું હોય છે તેને ન વાપરવા દેતાં પોતે જડ વાપરે છે, અને અનંત બળી આત્માને પોતાની આણમાં વર્તાવી તેનું સર્વસ્વ હરણ કરે છે. સંસારવાસી જીવો અનાદિ કાળથી સંસારમાં ભ્રમણ કરતા હોવાથી એક બીજાની સાથે અનેક ભવોમાં અનેક પ્રકારના સંબંધોથી જોડાતા આવ્યા છે. એવો કોઈ પણ સંસારી જીવ નથી કે જેનો બીજા જીવોની સાથે સંબંધ ન થયો હોય. એક એક જીવની સાથે અનંતી વાર સંબંધ થયો છે. સંબંધો પ્રારબ્ધના અનુસારે અનુકૂળ તથા પ્રતિકૂળ-પણે થાય છે કેટલીક વખત અનુકૂળ સંબંધ થાય છે અને કેટલીક વખત પ્રતિકૂળ સંબંધ થાય છે. અનુકૂળ સંબંધવાળા મિત્રો, સ્નેહીઓ કહેવાય છે અને પ્રતિકૂળ સંબંધવાળા શત્રુ, દ્વેષી કહેવાય છે. ભાઈ, પિતા, પુત્ર, ભગિની, માતા, સ્ત્રી આદિ સ્વજન સંબંધો અનુકૂળ જ નથી હોતા; પ્રતિકૂળ પણ હોય છે.

પોતાની ઇચ્છા અનુસાર વર્તનાર, પોતાના મનોરથોને સફળ કરનાર અથવા તો સફળ કરવામાં વિઘ્ન ન નાંખતાં સહાય કરનાર પછી તે સ્વજન હોય કે પરજન હોય—અનુકૂળ હોવાથી સ્નેહી કહેવાય છે અને સ્વજન થઇને આવા વર્તનોથી વિપરીત વર્તનાર પ્રતિકૂળ હોવાથી શત્રુ કહેવાય છે.

જીવમાત્ર પોતાના શુભાશુભ કર્મ બાંધવામાં અથવા તો ભોગવવામાં જડ તથા ચૈતન્યની અપેક્ષા રાખે છે અર્થાત્ જડ અને ચૈતન્યના નિમિત્તથી જ જીવો શુભાશુભ બાંધે છે અને ભોગવે છે. શુભના ઉદયથી અનુકૂળ જડ ચૈતન્ય સંબંધ થાય છે અને અશુભના ઉદયથી પ્રતિકૂળ જડ-ચૈતન્યનો સંબંધ થાય છે ઉભયનો સંબંધ શુભાશુભમાં હોવા છતાં જીવ ચૈતન્યને જ શત્રુ-મિત્ર માને છે પણ જડને માનતો નથી.

જીવમાત્ર બીજાનું હિતાહિત કરવા સ્વતંત્ર નથી પણ પરતંત્ર છે. પોતાના તથા પરના અદૃષ્ટની પ્રેરણાથી જ અન્યના હિતાહિત માટે પ્રવૃતિ કરે છે. જો પ્રારબ્ધની પ્રેરણા ન હોય તો જીવ સંસાર પ્રત્યે ઉદાસીનભાવથી રહે પણ રાગદ્વેષની પરિણતિવાળો ન થાય.

જીવ-આત્મા પોતે શુદ્ધ હોવાથી કોઈના પણ હિતાહિતમાં અથવા તો સુખદુઃખ ભોગવવામાં પોતે નિમિત્તભૂત બનતો નથી છતાં શુભાશુભ આવરણોનો પડછાયો પડવાથી અન્યના હિતાહિતમાં, સુખદુઃખમાં નિમિત્ત બને છે. પણ જ્યારે આવરણોનો પડછાયો ખસી જાય છે ત્યારે હિતાહિતની પ્રવૃત્તિમાંથી વિરામ પામી જાય છે

પ્રતિકૂળ વર્ત્તન માટે ક્ષમા માગવાનું અને ક્ષમા કરવાનું જ્ઞાની પુરુષો સંસારવાસીઓ માટે કહી ગયા છે તે સરળ પણ શુદ્ધ હૃદયથી મંગાય અને કરાય તો વિરોધભાવ ટળી જઇને તે નિમિત્તે બંધાતાં દુઃખોત્પાદક અને વિરોધવર્ધક કર્મ ન બંધાય. ઉપર કહ્યા પ્રમાણે જો કે પોતાના તથા પરના અશુભ પ્રારબ્ધની પ્રેરણાથી જ જીવ બીજાની સાથે પ્રતિકૂળ વર્તન કરે છે, છતાં પોતે પ્રમત્ત બની અકર્તવ્યમાં પ્રેરાયો માટે જ પોતાની પ્રમત્તદશાની ક્ષમા માંગી, હૃદયશુદ્ધિ કરાવવાની અને કરવાની આવશ્યકતા રહે છે. તેમજ પ્રમાદી બની પોતાના અહિત માટે ભેગા કરેલાં અશુભ કર્મોને પશ્ચાત્તાપ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખસેડવાની જરુરત રહે છે. તત્ત્વજ્ઞાનશૂન્ય અણસમજુ જીવો પાસેથી તો અવશ્ય ક્ષમા માગી લેવી જોઇએ. તેનું હૃદય વિરોધરહિત થઈ દોષમુક્ત બને તેવા શબ્દોથી તથા તેવા વર્તનથી ક્ષમા માગવી જેથી કરી ભવિષ્યમાં તેના આત્મગુણઘાતી કર્મની વૃદ્ધિ થતી અટકે અને વૈરવિરોધના સંસ્કાર ન પડે.

જ્ઞાનીપુરુષો પાસે ક્ષમા ન માગીએ તો પણ ચાલી શકે છે, કારણ કે તેઓ વસ્તુ-સ્થિતિને જાણનાર હોય છે, માટે તેઓના હૃદયમાં વૈરવિરોધના બદલે શાંતિ, સમતા અને હર્ષ હોય છે. તેઓ પોતાના કર્મ-નાશમાં સહાયક સમજી પોતાના પરમસ્નેહી તરીકે માને છે, શત્રુ તરીકે માનતા જ નથી; છતાં પોતાના હિત માટે પ્રતિકૂળ વર્તન કરી ઉપાર્જન કરેલાં દુઃખદ કર્મથી મૂકાવા માટે જ્ઞાની પુરુષો પાસેથી પણ ક્ષમા માગવી તે અપરાધી જીવનું અવશ્ય કર્ત્તવ્ય છે.

પોતાની ભૂલ સમજાયા વગર માફી માગી શકાતી નથી. જેઓ પોતાને અપરાધી સમજે છે તેઓ જ માફી માગી શકે છે. જેઓ પોતાને અપરાધી માને છે તેઓ જ પોતાના આત્મગુણોનું કર્મોથી રક્ષણ કરી શકે છે અને તેઓ જ પોતાના આત્માનો વિકાસ કરી સાચું સુખ અને સાચું જીવન મેળવી શકે છે.

જીવાત્માએ તૃષ્ણાનો ત્યાગ કરી, જડ સંસારથી વિરક્ત રહીને અપરાધી ન બનવું જોઇએ, છતાં કર્મવશ અનુપયોગથી પ્રમાદી બની અપરાધ થઈ જાય તો તત્કાળ ક્ષમા માંગવી, તેમ બને તો વર્ષ દિવસ પછી શુદ્ધ હૃદયથી, સરળપણે, નમ્રભાવે જીવ માત્રની પાસે ક્ષમા માગી લેવી અને ક્ષમા આપવી. આ પ્રમાણે આત્મવિકાસ માટે હૃદય-શુદ્ધિની ઘણી જરૂર રહે છે.

## નવ તત્ત્વ

(દોહરા)

હું કહેતો એ જીવ છે દેહાદિ પુદ્ગલ,
પુણ્ય પાપરૂપ કર્મથી શુભાશુભ છે ફલ. ૧
આશ્રવ તત્ત્વથી બાંધતો કર્મ અનેક પ્રકાર;
સંવરથી રોકી શકે કર્મ બંધ કરે દ્વાર. ૨
નિર્જરાથી છૂટી શકે બંધન થાયે નાશ;
હું કહેતાં એ જીવનો આત્મા મોક્ષ પ્રકાશ. ૩
સંવર ભાવ વધારવાં સામાયિક ચિત્ત ધાર;
નિર્જરા પ્રતિક્રમણથી 'અમર' આત્મ સુખકાર. ૪

અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ્રાહક ને યોજક : આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજીના પ્રશિષ્ય
મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક)

# તાત્ત્વિક ઉપદેશ વચનો.

[ સદરહુ તત્ત્વગર્ભિત ઉપદેશ વચનો પૂર્વ મહાપુરુષો અને આગમાનુસારી દૃષ્ટિએ કથનકર્તા આધુનિક વિદ્વાન્ ગ્રંથકારોની ચૂંટણીરૂપે અનેક ગ્રંથવાચનનો સંગ્રહ માત્ર છે, મારી કાંઇ વિદ્વત્તા નથી. કોઇ કોઇ સ્થળે મારા હાથની યોજના-સંકલના પણ કરવામાં આવી છે. જિજ્ઞાસુ વૃત્તિમાન જીવોને સમજવા યોગ્ય ધારી બહાર મૂકવાનો આ પ્રયાસ છે. રુચિકર પણ તથાપ્રકારના જીવોને જ થશે. બહુધા સામાના વિચાર પ્રમાણે સંગ્રહ હોય એ સ્વાભાવિક છે, તેથી કરીને લેખક પણ તથાપ્રકારની પ્રવૃત્તિને ભજતો-અનુભવતો હશે, એવું કોઇએ પણ માની લેવાની ભૂલ કરવી નહિ. ]

( ગતાંક પૃષ્ઠ ૨૨૯ થી શરૂ )

૫૬. ગીતાર્થ મુનિવરો શુદ્ધ સિદ્ધાન્તના ઉપદેશક હોવાથી અને શ્રુતના પારગામી હોવાથી તેઓ શાસ્ત્ર વિરુદ્ધ ક્રિયા-આચરણ કરતા નથી, કરતાને નિષેધ કરે છે, વાસ્તે તેવી ક્રિયા કરવી નહિ; કેમ કે તેવી ક્રિયા મિથ્યાભિનિવેશની સાધક છે. વળી સૂત્રમાં નહિ કહેલી હોય અને જેને સાવદ્ય જાણીને ગીતાર્થોએ જેનું આચરણ ન કર્યું હોય તે પણ આદરણીય નથી.

૫૭. સમ્યગ્જ્ઞાન કહો કે આત્મજ્ઞાન કહો તે આત્માનું ખરું હિત-કલ્યાણ સાધી શકે એવી સાચી કરણી આત્મા સાથે એકરસ થાય છે ત્યારે તે જલદી જીવને જન્મ-મરણના દુઃખથી મુક્ત કરાવી શકે છે. જેમ જળમાં જળનો રસ સાથે જ મળી રહે છે, તેમ જ્ઞાનમાં સાચી કરણી પણ સાથે જ મળી રહે છે. પૂ૦ ઉ૦ મ. કહે છે કે-"ક્રિયા બિના જ્ઞાન નાહિં કબહુ, નાહિ જ્ઞાન ક્રિયા બિનું નાહિ; ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહેતું હૈ, જ્યોં જલરસ જલમાંહી."

૫૮. કલિકાળમાં બોધિબીજ(સમકિત)-ની પ્રાપ્તિ થવી તે મરુદેશમાં કલ્પવૃક્ષની ઉત્પત્તિ, નિર્ધન સ્થિતિમાં નિધાન અને દુષ્કાળમાં દૂધપાકનું ભોજન સમજવું.

૫૯. સમ્યગ્દર્શનના શમ-સંવેગાદિ જે પાંચ લક્ષણોનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે પાંચે ય (શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય) લક્ષણો યદ્યપિ સમકિતવંત આત્મામાં હોવા જ જોઇએ, તથાપિ શમ-સંવેગાદિ પ્રથમના ચાર લક્ષણો કદાચ કોઈ તેવા કર્મોદયજન્ય નિરુપાયના પ્રસંગોમા ન્યૂનપણે દૃષ્ટિગોચર થાય તેટલા માત્રથી સમ્યગ્દર્શનમાં ક્ષતિ માનવાનું સાહસ કરવું ઉચિત નથી.

૬૦. શમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપા એ ચારે ય લક્ષણો પૂર્ણ કોટિએ કોઈ આત્મામાં દૃષ્ટિગોચર થતાં હોય પરંતુ જો 'આસ્તિકય' લક્ષણમાં ખામી હોય તો શમ-સંવેગાદિ ઉચ્ચ કક્ષાના હોવા છતાં તે આત્મામાં સમ્યગ્દર્શનનો પ્રાયઃ અભાવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૧. આસ્તિકય નામના પંચમ લક્ષણમાં એક અક્ષર માત્ર પણ અરુચિ–અશ્રદ્ધાન થાય તો તે આત્મા સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થઈ જાય છે. કોઇ અપેક્ષાએ એમ કહેવામાં આવે છે કે–" આસ્તિકય વિનાના શમ–સંવેગાદિ લક્ષણો આત્મક વિકાસ માટે નિરર્થક છે તો તે કથન અસંગત નથી." સદ્ધર્મવિંશિકામાં આસ્તિકયને જ પ્રધાનપણે અપેક્ષી આ પ્રમાણે પ્રતિપાદન કર્યું છે–

**समसंवेगनिर्वेदानुकंपाऽऽस्तिक्यलक्षणानां सम्यक्त्वगुणानां पश्चानुपूर्व्यैव लाभक्रमः प्राधान्याच्चेत्थमुपन्यास इति ॥**

૬૨. સમ્યગ્દર્શન ગુણ જે આત્મામાં પ્રગટ થયો હોય તે આત્મામાં "આસ્તિકય" લક્ષણ અવશ્ય હોય છે. સમ્યગ્દર્શન ને આસ્તિકય એ બન્નેનો અન્વય વ્યતિરેક સંબંધ છે. એટલે આસ્તિકય હોય ત્યાં અવશ્ય સમ્યગ્દર્શન હોય અને સમ્યક્ત્વ હોય ત્યાં આસ્તિકય અવશ્ય હોય.

૬૩. જૈનશાસ્ત્રમાં ભાવની અભિલાષી એવી દ્રવ્યક્રિયા જ પ્રશસ્ત કહી છે અને એ જ પાંચ અનુષ્ઠાન પૈકી તદ્ધેતુ અનુષ્ઠાનમાં આવી શકે છે. એ સિવાય બીજા અનુષ્ઠાનોદ્વારા કરાતી ક્રિયા એ તુચ્છ ક્રિયા હોઇ ત્યાજયમાં ગણી છે.

૬૪. પરમાર્થશૂન્ય ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ સામાન્ય જનોએ શાસ્ત્રની અપેક્ષા રહિત લોકરૂઢિએ કરેલ પ્રવૃત્તિ એ લોકસંજ્ઞાનું લક્ષણ છે.

૬૫. નિમિત્તાવલંબી સેવા તે અપવાદ સેવા, તે કરતાં સેવા અને સાધ્ય નિપજાવવું તે ઉત્સર્ગ સેવા.

૬૬. જો પુનર્જન્મ ન હોય તો આ ભવમાં નીતિના નિયમોને અનુસરવાની કોઇ પણ લાલચ રહેતી નથી. ફક્ત વ્યવહારમાં રળી ખાવા ખાતર નીતિનો દેખાવ કરવાની જ જરૂર જણાય છે.

૬૭. કોઇપણ ધર્મની મહત્ત્વતા સમજવા માટે તેના દ્રવ્યાનુયોગની મહત્ત્વતા સમજવાની જરૂર પડે છે અને તેની કિંમત પણ તેનાથી જ થાય છે.

૬૮. શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપર આત્મપરિણતિપૂર્વકની શ્રદ્ધા હોય ત્યારે જ સમકિત થાય છે. આત્મશ્રદ્ધાને સ્થિર રાખનાર દ્રવ્યાનુયોગ અર્થાત્ તત્ત્વજ્ઞાન–તત્ત્વબોધ જ છે. અનેક ઉપયોગી વિષયો ચર્ચવા ઉપરાંત શ્રદ્ધાને સ્થિર રાખનાર દ્રવ્યાનુયોગ જ બહુ ઉપયોગી છે.

૬૯. દ્રવ્યાનુયોગમાં બાહ્ય વસ્તુ અને આત્મિક વસ્તુઓનો અરસપરસ સંબંધ, એક બીજા પર થતી તેની અસર અને તેઓનું વાસ્તવિક સ્વરૂપ બતાવવામાં આવેલું હોય છે.

૭૦. તત્ત્વજ્ઞાનથી કમનસીબ રહેલો પ્રાણી સહજમાં શ્રદ્ધાથી ભ્રષ્ટ થઇ જાય છે, કારણ કે તેની શ્રદ્ધાનો પાયો ઊંડો હોતો નથી. વસ્તુતઃ શ્રદ્ધા એ સમ્યક્ત્વનું કાર્ય છે, તો પણ તેને સમ્યક્ત્વના કારણનો ઉપચાર કરીને સમ્યક્ત્વ કહેવામાં આવે છે.

૭૧. આત્માનું સ્વરૂપ–લક્ષણ જ્ઞાનદર્શનચારિત્રમય છે. સર્વ વસ્તુઓને તથાસ્વરૂપે દરેક સમયે જોવી, જાણવી અને સ્થિરતા રાખવી આ આત્માનાં લક્ષણો છે.

૭૨. આત્મ વ્યતિરિક્ત બીજી કોઇ પણ વસ્તુ પર મમત્વ રાખવો એ તદ્દન મૂર્ખતા છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસાર છે, પરિભ્રમણ છે. આ સ્થિતિ પ્રગટવી તેનું નામ વૈરાગ્ય કહેવાય છે.

૭૩. વૈરાગ્યના વિષયનો મુખ્ય ઉદ્દેશ સ્વ-વસ્તુ ઓળખાવવાનો, તેના પર પ્રેમ ઉત્પન્ન કરાવવાનો અને પરવસ્તુ કઈ છે તેને શોધી તેની સાથેનો સંબંધ ઓછો કરાવી ધીમે ધીમે તે તોડી નંખાવવાનો હોય છે.

૭૪. અધ્યાત્મશાસ્ત્રી પોતે કોણ છે? તેનું સ્વરૂપ શું છે? તેનો વિષયકષાયાદિ સાથે સંબંધ કેવો છે? શા કારણથી છે? કેટલા વખત સુધીનો છે? આત્માનું સાધ્ય શું છે? તે કેમ અને ક્યારે પ્રાપ્ત થાય? વિગેરે વિષયો ચર્ચે છે. અધ્યાત્મશાસ્ત્રનો ઉદ્દેશ વૈરાગ્ય ઉત્પન્ન કરાવવાનો જ છે, જેથી એની જિજ્ઞાસાવૃત્તિ સર્વ મુમુક્ષુઓને હોવી જોઇએ.

૭૫. જ્યાં આ ભવમાં જ બધું સુખ ભોગવી લેવાનો ઉપદેશ મળતો હોય, શિક્ષણ મળતું હોય અને વર્તન જોવામાં આવતું હોય ત્યાં સુખનું વાસ્તવિક સ્વરૂપ શું? પુણ્યપાપનાં કારણો, ભવાંતરમાં તેના પરિણામો અને અત્ર કરવા યોગ્ય ખાસ કર્તવ્યોની સમજ આપવી એ અધ્યાત્મ ગ્રંથોની અગત્યની સેવા છે.

૭૬. પોતાનું શું છે અને શું નથી એ સ્પષ્ટ સમજાઈ જાય તો પોતાનું જે હોય તે પ્રગટ કરવા અને જાળવવા પ્રયાસ થાય, એમ કરતા સાધ્ય પણ સ્પષ્ટ થાય. પોતાનું અને પારકું સમજવાના જ્ઞાનને જૈન પરિભાષામાં **ભેદજ્ઞાન** કહેવામાં આવે છે અને ભેદજ્ઞાન થાય ત્યારે સર્વ ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

૭૭. મોક્ષ આપણું પરમ સાધ્ય હોવું જોઇએ. આપણે શુભ કાર્યો કરીએ છીએ, તથા દાન, જ્ઞાન, ક્રિયા, ઇન્દ્રિયોને દમવું વિગેરેનો હેતુ શો? કોઈ કહેશે કે જનહિત. જનહિત કરવાનો હેતુ શો? આ પ્રમાણે સવાલો પૂછતાં પૂછતાં છેવટે મોક્ષ પ્રાપ્ત કરવાનો હેતુ જ આવશે.

૭૮. આત્મા સર્વ વ્યવહારિક ઉપાધિઓથી મૂકાઈ સ્થિરતામાં રહે એ સ્થિતિ પ્રાપ્ત કરવનું સર્વનું અંતિમ સાધ્ય છે અને હંમેશને માટે અવિનાશી એવા મોક્ષસુખને પ્રાપ્ત કરવું એ પરમ સાધ્ય છે અને તેને માટે જ પ્રયાસ છે અથવા હોવા જોઇએ. (ચાલુ)

## સમભાવ

સમત્વ નિર્મમત્વવડે જ પ્રાપ્ત થઇ શકે છે, અને નિર્મમત્વ અનિત્યત્વ, અશરણત્વ વગેરે ભાવનાઓનું અવલંબન લેવાથી પ્રાપ્ત થઇ શકે છે. એ ભાવનાઓવડે જે સતત પોતાના મનને ભાવિત કરે છે, તે નિર્મલ બનીને સર્વ પદાર્થો પ્રત્યે સમત્વ પ્રાપ્ત કરી શકે છે.

વિષયોમાંથી વિરક્ત થયેલા અને સમત્વ યુક્ત ચિત્તવાળા મનુષ્યોનો જ કષાયાગ્નિ શાંત થઈ જાય છે, અને તેમનામાં જ્ઞાન-દીપ પ્રજ્વલિત થાય છે.

સમત્વનું અવલંબન મેળવ્યા પછી યોગીએ ધ્યાનનો આશરો લેવો, સમત્વ પ્રાપ્ત કર્યાં વિના ધ્યાન શરૂ કરનારો પોતાની જાતની જ વિડંબના કરે છે. —યોગશાસ્ત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હરિભદ્રસૂરિ.

## જીવનસામગ્રી અને તત્મીમાંસા.

( વર્ષ ૩૭ ના પૃષ્ઠ ૩૩૦ થી શરૂ )

**ભારતીય** સાહિત્યકારોના પવિત્ર ઇતિહાસમાં એ એક દુઃખદ ઘટના છે કે તેમનું વિશ્વસનીય અને વાસ્તવિક. જીવનચરિત્ર નહિ બરાબર મળી આવે છે. તેનું કારણ એ છે કે પ્રાચીનકાળમાં આત્મકથા લખવાની પ્રણાલી ન હતી. અને આત્મશ્લાઘાથી દૂર રહેવાની ઇચ્છાને કારણે પોતાના સંબંધમાં પોતાના ગ્રંથમાં પણ લખવા ઇચ્છતા ન હતા. કેટલાક સાહિત્યકારોએ પોતાની કૃતિઓમાં પ્રશસ્તિરૂપે થોડુંક લખ્યું છે, પરંતુ તેનાથી તો જન્મસ્થાન, ગુરુનું નામ, માતાપિતાનું નામ અને સ્વગચ્છ આદિના નામનું સામાન્ય જ્ઞાન માત્ર જ થઈ શકે છે; વિસ્તૃત નહિ. પછીના સાહિત્યકારોએ પ્રાચીન સાહિત્યકારોના સંબંધમાં ઇતિહાસરૂપે લખવાનો પ્રયાસ કર્યો છે પરંતુ તેમાં ઇતિહાસ–અંશ તો અતિ સ્વલ્પ છે અને કિંવદંતીઓ અને કવિકલ્પના જ અધિક પરિમાણમાં છે. આ સિદ્ધાંત કેવળ જૈન સાહિત્યકારોના જ સંબંધમાં નથી બલ્કે સંપૂર્ણ ભારતીય સાહિત્યકારોનાં સંબંધમાં મળી આવે છે.

"જિનશાસનની અધિકાધિક પ્રભાવના થાઓ" એવા એક જ ઉદ્દેશે સંગ્રહકારોને કિંવદંતીઓ અને કવિકલ્પનાની તરફ વેગથી પ્રવાહિત કર્યા છે. તેની સાથે સાથે કાળ વ્યવધાને પણ ઇતિહાસસામગ્રીને નષ્ટપ્રાયઃ કરી દીધી, અને તેથી તેમણે પ્રભાવનાના ધ્યેયની પૂર્તિ માટે અવશિષ્ટ ચરિત્રસામગ્રીના બળ ઉપર તથા કિંવદંતીઓ અને કવિકલ્પનાની સહાયે જ કથિત ઇતિહાસોની રચના કરવી પડી છે. વર્તમાનકાલીન ઇતિહાસકારોને પણ તે તથા કથિત ઇતિહાસો, ઉપલબ્ધ કૃતિઓ અને અસ્તવ્યસ્તરૂપે મળી આવતા ઉદ્ધરણોના આધારે જ ચરિત્રચિત્રણ કરવું પડે છે.

ચરિત્ર–નાયક શ્રી હરિભદ્રસૂરિની જીવનસામગ્રી પણ ઉપર્યુક્ત નિષ્કર્ષ પ્રતિ અપવાદસ્વરૂપ નથી. શ્રી હરિભદ્રસૂરિની જીવનસામગ્રી વર્તમાનમાં આટલી જ મળી આવે છે.

(૧) શ્રી મુનિચંદ્રસૂરિએ સં. ૧૧૭૪ માં શ્રી હરિભદ્રસૂરિકૃત ઉપદેશપદની ટીકાના અંતમાં તેમના જીવન સંબંધમાં અતિ સંક્ષેપાત્મક ઉલ્લેખ કર્યો છે.

(૨) સંવત્ ૧૨૯૫ માં શ્રી સુમતિગણિએ ગણધરસાર્ધશતકની બૃહદ્ ટીકામાં પણ તેમના સંબંધમાં બહુ જ થોડું લખ્યું છે.

(૩) શ્રી ભદ્રેશ્વરસૂરિકૃત ૨૩૮૦૦ શ્લોકપ્રમાણ પ્રાકૃતકથાવલિમાં પણ શ્રી હરિભદ્રસૂરિના સંબંધમાં કંઈક થોડો જ પરિચય મળે છે. શ્રી જિનવિજયજીનું કહેવું છે કે તેનું પ્રણયન બારમી શતાબ્દિમાં થયું હશે.

(૪) સંવત ૧૩૩૪માં શ્રી પ્રભાચંદ્રસૂરિ દ્વારા વિરચિત પ્રભાવક ચરિત્રમાં ચરિત્રનાયકના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધમાં વિસ્તૃત કાવ્યાત્મક પદ્ધતિએ જીવન-કથા મળી આવે છે.

(૫) સં. ૧૪૦૫માં શ્રી રાજશેખરદ્વારા નિર્મિત પ્રબંધકોશમાં પણ પ્રભાવક ચરિત્ર સમાન જ અતિ વિસ્તૃત જીવનચરિત્ર મળી આવે છે.

એ રીતે આ પ્રાચીન સામગ્રીના આધારે કંઈક નવીન જીવનસામગ્રીનું પણ નિર્માણ થયું છે. તેમાંથી પં. હરગોવિંદદાસકૃત 'શ્રી હરિભદ્રસૂરિ ચરિત્ર' પં. બેચરદાસજી-દ્વારા લિખિત 'જૈન દર્શનની વિસ્તૃત ભૂમિકા' શ્રી જિનવિજયજીલિખિત 'હરિભદ્રસૂરિનો સમયનિર્ણય' અને પ્રોફેસર હરમન જેકોબી-દ્વારા લિખિત 'સમરાઇચ્ચકહાની ભૂમિકા' આદિ રચનાઓ પણ મુખ્ય છે. આ સામગ્રી-ના આધારે હવે શ્રી હરિભદ્રસૂરિના ચરિત્ર-નિર્ણય કરવાનો પ્રયાસ કરું છું અને તે ઉપર કંઇક નિષ્કર્ષાત્મક મીમાંસા પણ કરવાનો પ્રયાસ કરીશ.

## પ્રારંભિક-પરિચય

ભારતીય રાજનૈતિક ઇતિહાસમાં મેવાડનું મહત્ત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ સ્થાન છે. આ પવિત્ર ભૂમિ ઉપર મહારાણા હમીરસિંહ, મહારાણા લક્ષ્મણસિંહ, મહારાણા સંગ્રામ-સિંહ અને મહારાણા પ્રતાપસિંહ જેવા શૂર-વીર અને નરરત્ન ભામાશાહ સરખા પુરુષ-પુંગવ ઉત્પન્ન થયા છે. આપણા ચરિત્રનાયક હરિભદ્રસૂરિની જન્મભૂમિ પણ મેવાડ જ છે. કહેવાય છે કે ચિતોડ જ તેમનું જન્મ-સ્થાન છે. તત્કાલીન ચિતોડનરેશ જિતારીના હરિભદ્ર પુરોહિત હતા. એ રીતે જાતે બ્રાહ્મણ અને કર્મથી પુરોહિત હતા. તેઓ ચૌદ વિદ્યા-ઓમાં નિપુણ અને અજાતપ્રતિવાદી હતા. તેથી રાજ-પ્રતિષ્ઠા અને લોક-પ્રતિષ્ઠા બંને તેમને પ્રાપ્ત થઈ હતી. વિદ્યાબલ, રાજબલ અને લોકપ્રતિષ્ઠાથી હરિભદ્રની વૃત્તિ અભિમાન-મય થઇ ગઇ હતી અને તદનુસાર તેમને એ મિથ્યા આત્મવિશ્વાસ થઇ ગયો હતો કે મારી બરાબર પ્રગાઢ વૈયાકરણ, ઉત્કટ નૈયા-યિક, પ્રખર વાદી અને ગંભીર વિદ્વાન આ સમયે દુનિયાભરમાં કોઇ નથી. કિંવદંતીઓમાં મળી આવે છે કે સિદ્ધસેન દિવાકર સમાન એ પણ પોતાના આ મિથ્યા વિશ્વાસપ્રદર્શનને માટે એક સોપાનપંક્તિકા (નિસરણી), એક કોદાળી, એક જાળ અને જંબૂવૃક્ષની એક લતા પો-તાની પાસે રાખતા હતા. તેનું તાત્પર્ય એ હતું કે જો પ્રતિવાદી આકાશમાં ઊડી જાય તો તેને આ સોપાનપંક્તિદ્વારા પકડી લાવું, જળમાં પેસી જાય તો જાળદ્વારા ખેંચી લઉં અને પાતાલમાં પ્રવેશ કરી જાય તો કોદાળી-દ્વારા ખોદી પકડી લઉં. જંબૂ લતાનું રહસ્ય એ હતું કે મારા જેવો વિદ્વાન સંપૂર્ણ જંબૂ-દ્વીપમાં કોઇ નથી અને એ પણ કહેવાતું કે વિદ્યાના ભારથી કદાચ પેટ ફાટી ન જાય એટલા માટે પેટ ઉપર એક સ્વર્ણનિર્મિત પટ પણ બાંધી રાખતા હતા અને એવી પ્રતિજ્ઞા હતી કે જેનું કહેલું વાક્ય નહિ સમજી શકું તેનો તત્કાળ શિષ્ય બનીશ.

એક દિવસની વાત છે કે હરિભદ્ર એક સુંદર શિબિકામાં બેસીને બજારમાં જતા હતા. શિબિકાની આગળ આગળ તેમના શિષ્ય તેમની બિરદાવળીના રૂપમાં "સરસ્વતીકંઠા-ભરણ, વૈયાકરણપ્રવણ, ન્યાયવિદ્યાવિચક્ષણ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાદિમતગજકેસરી, વિપ્રજનનરકેસરી" ઇત્યાદિ રૂપમાં બોલતા બોલતા ચાલતા હતા. એટલામાં થોડે દૂર જનતામાં ગભરાટ અને આમતેમ દોડભાગ થઇ રહી છે એવું દશ્ય દેખાયું. હરિભદ્રના શિષ્ય અને શિબિકાવાહક મજૂર પણ આમતેમ વિખરાઇ ગયા. આવી પરિસ્થિતિ જોઇને વિપ્રવર હરિભદ્રે પણ બહાર જોયું તો એક મદોન્મત્ત પ્રચંડકાય પાગલ હાથી જનતામાં ભય ઉત્પન્ન કરતો ઉતાવળે દોડતો ચાલ્યો આવતો હતો. માર્ગમાં જ શિબિકામાં રહેલા હરિભદ્ર શિબિકાને છોડીને પ્રાણ-રક્ષણાર્થે નજીકના એક જૈન મંદિર પર ચઢી ગયા. ત્યારે તેમને જણાયું કે "हस्तिना ताड्यमानोऽपि न गच्छेत् जैनमंदिरम्" એક કલ્પિત ઉક્તિ છે. સામે જ જિનપ્રતિમા જોવામાં આવી અને જૈન દર્શન પ્રતિ વિદ્વેષની ઉક્તિ સહસા તેમના મુખમાંથી નીકળી પડે કે—

वपुरेव तवाचष्टे स्पष्टं मिष्टान्नभोजनम् ।
नहि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाद्वलः ॥

અર્થાત્ તમારું શરીર સ્પષ્ટ જ મિષ્ટાન્ન ભોજન પ્રતિ મમત્વભાવ બતાવી રહ્યું છે, જો વૃક્ષના કોટરમાં અગ્નિ છે તો તે કેમ રહી શકે?

હાથીના ચાલ્યા જવા પછી હરિભદ્ર પોતાને ઘેર ગયા.

### વિનીત હરિભદ્ર—

એક દિવસની વાત છે કે વિપ્રવર હરિભદ્ર મહેલમાંથી નીકળી પોતાના મકાન તરફ જઈ રહ્યા હતા. માર્ગમાં એક જૈન ઉપાશ્રય આવતો હતો જ્યાં કેટલીક જૈન સાધ્વીઓ અભ્યાસ કરી રહી હતી. સ્વાધ્યાયનો ધ્વનિ હરિભદ્રના કર્ણગોચર થયો અને સાંભળ્યું કે એક સાધ્વી—

"चक्की दुगं हरि पणगं,
पणगं चक्कीण केसवो चक्की ।
केसव चक्की केसव दुचक्की,
केसव चक्की य ॥"

એ પ્રકારે ચ–પ્રાચુર્યમય છંદનું ઉચ્ચારણ કરી રહી હતી. તેમને આ છંદ કૌતુકમય પ્રતીત થયો અને અર્થનો વિચાર કરવા છતાં પણ કંઇ સમજવામાં આવ્યું નહિ તેથી તેઓ ઉપાશ્રયમાં ગયા અને સાધ્વીને કહ્યું કે—" આ છંદમાં તો ખૂબ ચકચકાટ છે." સાધ્વીજીએ ઉત્તર દીધો કે—" ભાઈ! અબોધ અવસ્થામાં તો આ પ્રકારે પહેલવહેલાં આશ્ચર્યમય નવીનતા પ્રતીત જ થાય છે." તેથી તેમને પોતાની ભીષ્મ પ્રતિજ્ઞા યાદ આવી કે જેનું કથન નહિ સમજી શકું તેનો તત્કાલ શિષ્ય થઇશ. ત્યારે નમ્રતાપૂર્વક બોલ્યા કે:" માતાજી મને આપનો શિષ્ય બનાવો અને કૃપા કરી આ ગાથાનો અર્થ સમજાવો". જ્ઞાનચારિત્રસંપન્ન આર્યાજીએ સમજાવ્યું કે:" દીર્ઘ તપસ્વી ભગવાન મહાવીરસ્વામીના ચારિત્રક્ષેત્રમાં સ્ત્રીઓનો પુરુષોને દીક્ષા આપવાનો આચાર નથી. જો આપને આ પરમ પવિત્ર આદર્શ સંયમધર્મ ગ્રહણ કરવો હોય તો આ નગરમાં બિરાજમાન આચાર્યપ્રવર શ્રી જિનભટ મુનિ પાસે જાઓ. તેઓ આપને અનગાર ધર્મની દીક્ષા આપશે." હરિભદ્રે તેમની આજ્ઞાને શિરોધાર્ય કરી અને આર્યાજીની સાથે સાથે દીક્ષા ગ્રહણાર્થ પ્રસ્થાન કર્યું. માર્ગમાં તે જ જૈન મંદિર આવ્યું કે જેના શરણથી હરિભદ્રનું જીવન મદોન્મત્ત હાથીથી સુરક્ષિત રહી શક્યું હતું. પુનઃ તે જિનપ્રતિમા દૃષ્ટિગોચર થઇ. દૃષ્ટિભેદથી આ સમયે તેમને તેમાં વીતરાગતામય શાંતરસની પ્રતીતિ થઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્કાલ મુખમાંથી ધ્વનિ પ્રસ્ફૂટિત થયો કે– 'वपुरेव तवाऽऽचष्टे भगवन् ! वीतरागताम्॥" ત્યાં થોડો સમય ઊભા રહીને હરિભદ્રે ભક્તિરસ પરિપૂર્ણ સ્તુતિ કરી અને પછી આર્યાજી સાથે શ્રી જિનભદ્રજીની પાસે ગયા અને મુનિધર્મની જૈન દીક્ષા વિધિવત્ વિશુદ્ધ હૃદયે ગ્રહણ કરી.

હરિભદ્રસૂરિએ પોતાની આવશ્યક સૂત્રની ટીકાના અંતમાં પોતાના ગચ્છ અને ગુરુના સંબંધમાં આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે.–

"समाप्ता चेयं शिष्यहिता नामावश्यकटीका, कृतिः सिताम्बराचार्यजिनभटनिगदानुसारिणो विद्याधरकुलतिलक–आचार्यजिनदत्तशिष्यस्य धर्मतो याकिनीमहत्तरासूनोरल्पमतेराचार्यहरिभद्रस्य।" આ ઉલ્લેખ ઉપરથી નિશ્ચિતરૂપે જણાય છે કે હરિભદ્રસૂરિના જિનભટજી ગચ્છપતિ ગુરુ હતા, જિનદત્તજી દીક્ષાકારી ગુરુ હતા, યાકિની-મહત્તરા ધર્મજનની–માતા હતી, વિદ્યાધર ગચ્છ અને શ્વેતાંબર સંપ્રદાય હતો.

અચાર્ય હરિભદ્રસૂરિએ યાકિનીમહત્તરાજીના પ્રતિ અત્યંત ભક્તિ, કૃતજ્ઞતા, લઘુતા, શ્રદ્ધા અને પુત્રભાવ પ્રદર્શિત કરવાને માટે પોતાની અનેક કૃતિઓમાં પોતાને " યાકિનીમહત્તરાસૂનુ " એ નામે અંકિત કરેલ છે. જેવા કે તેમના દ્વારા રચિત શ્રી દશવૈકાલિક નિર્યુક્તિ ટીકા, ઉપદેશપદ, પંચસૂત્રટીકા, અનેકાંતજયપતાકા, લલિતા-વિસ્તરા, આવશ્યક નિર્યુકિત ટીકા આદિ પવિત્ર કૃતિઓ દ્વારા એમ અન્ય ગ્રંથકારો-દ્વારા રચિત ગ્રંથોથી સપ્રમાણ સિદ્ધ થાય છે.

( ઉદ્ધૃત ) (ચાલુ)

## તનમનધનની સફળતા અને નિષ્ફળતા

( રાગ હરિગીત )

૧

તન મળ્યું તો શું થયું સત્કાર્ય કોઇ કર્યું નહિ,
મન મળ્યું તો શું થયું ચિંતવન શુભ ધર્યું નહિ;
ધન મળ્યું તો શું થયું સન્માર્ગે દાન કર્યું નહિ,
ત્રિપુટી સંગમ પામતા કર્તવ્ય કાંઇ કર્યું નહિ.

૨

તનતણી તાકાત ખર્ચી ભોગ ને વિલાસમાં,
મનતણાં મંથન કર્યાં તૃષ્ણાતણાં તોફાનમાં;
ધનતણાં ઢગલાં કર્યાં આશાતણાં ચોગાનમાં,
આખર ત્રિપુટી ત્યાગીને ચાલી ગયો સંસારમાં.

૩

આત્માર્થે ખર્ચ્યા દેહ જેણે તનતણું સાર્થક કર્યું,
ચિંતવન આત્મદેવનું મન-મંથને કાયમ કર્યું;
ધનને દઇને દાનમાં ત્યાગીપણું સાબિત કર્યું,
ત્રિપુટી સંગમ પામીને આત્માતણું સાર્થક કર્યું.

રચનાર–અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં:-મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

# સુભાષિત વચનામૃતો.

( ચાલુ વર્ષના પૃષ્ઠ ૯૧ થી શરૂ. )

(૨૬) પરમેશ્વરની પૂજા પ્રતિદિન પ્રેમપૂર્વક કરવી. ત્યારબાદ ભૂખની શાન્તિ માટે અન્ન-ભોજન કરવું. જે ઠેકાણે બીજાએ પેશાબ કર્યો હોય ત્યાં પેશાબ કરવો નહિ, કારણ કે તેમ કરવાથી "संमूर्च्छिम पंचेन्द्रिय" જીવની ઉત્પત્તિ થાય છે અને દુર્ગંધ પરિવ્યાપ્ત થવાથી જીવની હાનિ થાય છે.

(૨૭) જેમ ગામ વિના સીમ કયાંથી હોય? સ્ત્રી વિના પુત્ર કયાંથી હોય? બુદ્ધિ વિના ધન કયાંથી હોય? ધર્મ વિના મોક્ષનાં સુખ કયાંથી હોય? તેમ પુણ્ય વિના લક્ષ્મી કયાંથી પામે? આ સર્વે ધર્મના પ્રતાપથી મળે છે.

(૨૮) ચંદન તથા ચંદ્રમા શીતળ છે, પણ સાધુજનની સંગતિ તે સર્વથકી પણ મહાશીતળ છે.

(૨૯) ચંદ્ર, સૂર્ય અંધકારના નાશ કરવાવાળા છે પણ સર્વથા અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર ઉત્કૃષ્ટ ધર્મદાતા ગીતાર્થ ગુરુઓ અને તપસ્વીઓ હોય છે.

(૩૦) કુલને વિષે એક કુપુત્ર હોય તો આખા કુટુંબને કલંક લગાડનાર જાણવો અને એક સુપુત્ર હોય તે દીપક સમાન જાણવો.

(૩૧) ધર્મની કરણી કરે તે પંડિત છે, જે સત્ય વચન બોલે છે તે વાચાળ છે તથા જે મારતા જીવોને ઉગારે તે દાતાર છે.

(૩૨) ઉદ્યમથી દારિદ્રય નાશ પામે છે, તપથી પાતક નાશ પામે છે, માન કર્યાથી કલેશ થાય છે, લઘુતાથી કલેશ નાશ પામે છે અને જાગ્રત રહેવાથી ભય નાશ પામે છે.

(૩૩) તપસ્વીનું રૂપ ક્ષમા જાણવી.

(૩૪) જેણે ઉપદેશ સાંભળ્યો હોય તેણે તે પ્રમાણે વર્ત્તવાનો ખપ કરવો.

(૩૫) જેવો અવસર દેખે તેવું વચન બોલે, ઘરને વિષે સારો ભાવ રાખે, વળી જેનું વચન સાંભળીને હર્ષ ઉપજે અને જેવી શક્તિ હાય તેવો કોપ કરે, એટલી વસ્તુ જાણે તેને પંડિત જાણવો.

(૩૬) જેના મુખની વાણી મીઠાશવાળી હોય છે, વળી જેના ઘરમાં સ્ત્રી પુણ્યવંત હોય છે, વળી જેની લક્ષ્મી દાનપુણ્યને વિષે વપરાય છે તે જ પ્રાણીનું જીવિતવ્ય લેખે જાણવું.

(૩૭) **આ સુભાષિત-વચનામૃતોનો** સાર ગ્રહણ કરવો, એક એક વચનની કિંમત અમૂલ્ય છે, તો મનન કરવું. આ વચનામૃતોનો ઘૂંટડો પીને આનંદ પામવો તથા સારાસારનો વિચાર કરવો.

(૩૮) **હે શાસનદેવ!** હવે અમને એવી બુદ્ધિ આપો કે જેથી અમે અમારા કર્ત્તવ્યને સંપૂર્ણ રીતે બજાવી શાસનને માટે જિંદગીનો અમુક ભાગ અર્પણ કરી, પર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત્માની આજ્ઞાનું અવલંબન લઈ અમારા જીવનને પૂર્ણ પ્રકાશિત કરી શકીએ.

(૩૯) **ધર્મભ્રાતાઓ !** જાગો, જિંદગી અલ્પ છે. કર્ત્તવ્ય ઘણા બજાવવાનાં છે. અઘોર નિંદ્રામાં સૂતા સૂતા આપણે સર્વ ખોયું છે અને છે તે ખોવાય છે. આવી કિંમતી જિંદગીમાં કુંભકર્ણની જેમ ઊંઘી રહેવાનું નથી. આપણા અંતઃકરણના દીવા બધા ઝાંખા થઈ ગયા છે અને અંધકાર ચારે બાજુ વ્યાપ્ત થતો જાય છે; માટે તેમાં કંઇક કંઈક દિવ્ય તેલ પૂરી પ્રસરતા તિમિરને અટકાવો.

(૪૦) આ પ્રમાણે નિર્મળ વિચારોથી પોતાના અંતઃકરણને વિભૂષિત કરી, પોતાના નિત્ય કર્ત્તવ્યમાં પ્રવૃત્ત થાય અને ઈચ્છા કરે એ જૈન કોમને માટે જરૂરી છે. (ચાલુ)

## શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીને–

( રાગ–મીઠા લાગ્યા છે મ્હને...... )

**વિજય આનંદસૂરિ વંદના અમારી.**
છત્રીશ ગુણે સહિત રે, સૂરિજીને વંદના અમારી......ટેક.
પંજાબ દેશમાં વિચર્યા સૂરજી,
ઉપદેશ દીધો અપાર રે, સૂરિજીને વંદના અમારી. ૧
પંજાબ દેશની ધાર્મિક ભાવના,
મૂર્ત્તિપૂજનમાં સ્થપાય રે, સૂરિજીને વંદના અમારી. ૨
સેવાધર્મને સ્થાપી હૃદયમાં,
સત્ય સુકાની બની જાય રે, સૂરિજીને વંદના અમારી. ૩
સંયમ સાધી જ્ઞાનને પ્રચારતા,
દેશવિદેશ ગુણ ગવાય રે, સૂરિજીને વંદના અમારી. ૪
શાસનધ્વજ સૂરિજીએ ફરકાવ્યો,
પવિત્ર થયો પંજાબ રે, સૂરિજીને વંદના અમારી. ૫
ભેદભાવ ભૂલ્યા શ્રી આત્મારામજી,
કાંતિ વલ્લભ શ્રીકાર રે, સૂરિજીને વંદના અમારી. ૬
અજબ ભાવના હતી સૂરિજીની,
કાર્ય અજબ બનાય રે, સૂરિજીને વંદના અમારી. ૭
પુષ્પાંજલી આ ભાવે હું અર્પું,
સૂરિચરણે સુખદાય રે, સૂરિજીને વંદના અમારી. ૮
સ્વર્ગે સિધાવ્યા એ પામ્યા અમરતા,
સૂરિનો હોજો જયકાર રે, સૂરિજીને વંદના અમારી. ૯
**અજિત આનંદમાં લક્ષ્મીસાગરના,**
વંદના વાર હજાર રે, સૂરિજીને વંદના અમારી. ૧૦

રચયિતાઃ–મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુવાદક–અભ્યાસી બી. એ.

# એક એકાન્તવાસી મહાત્માનો ઉપદેશ.

સ્થિર થઈ જાઓ, મનની સ્થિરતાનો અભ્યાસ કરતા રહો અને સઘળું ઠીક થઈ જશે. બધા વિષય સંબંધી વિચારો બંધ કરીને, અંતઃકરણમાં ચિત્તને એકાગ્ર કરવાનો યત્ન કરો; માની લ્યો કે ત્યાં ( તમારા હૃદય-મંદિરમાં ) એક સુંદર કમળ છે, જ્યાં હમેશાં ચૈતન્યનો નિવાસ છે. એ કેવળ એકાગ્રતાની એક રીત છે. વસ્તુતઃ ચિતિશક્તિનું નથી કોઈ નામ કે નથી કોઈ રૂપ. જ્યારે તમે મનને નિર્વિષય કરી દો છો ત્યારે કેવળ ચિતિશક્તિ રહી જાય છે, જે પ્રેમમય, શાંતિમય અને આનંદમય છે. ત્યારે મન નિશ્ચયપૂર્વક તે ચિતિશક્તિ અર્થાત્ નિત્ય ચૈતન્યમાં વિલીન થઈ જાય છે. આ સાધના હમેશાં થોડો વખત નિયમિત રીતે કરો અને એ વખતે કોઇ પણ પ્રકારના ચિંતન કે વિચારને મનમાં ન આવવા દો. બીજે વખતે વિક્ષેપ કરનાર વૈષયિક વિચારોથી બિલ્કુલ દૂર રહેવાનો યથાશક્તિ યત્ન કરો. હમેશાં મન શાંત અને સ્થિર રાખો; કેવળ પ્રેમ, શાંતિ અને આનંદના વિચારોને સ્થાન આપો. વાસનાઓ દૂર કરીને શુદ્ધતા પ્રાપ્ત કરો. તમને હમેશાં શાંતિની પ્રાપ્તિ થશે, જે આ મનુષ્યજીવનનું લક્ષ્ય છે. યાદ રાખો, હમેશાં પ્રેમમાં વિચરણ કરવું અને સૌ પ્રત્યે પ્રેમભાવ રાખવો એ જ સાચું જીવન છે, વાસ્તવિક જીવન છે.

શાંતિ તથા આનંદની પ્રાપ્તિ માટે તમારે તમારા વિચારો બની શકે તેટલા શુદ્ધ કરવા પડશે. ધ્યાન રાખો કે સ્વાર્થપરતાની ભાવના કદી પણ તમારા મનને દૂષિત ન કરે. સાંસારિક જીવોએ એક જ મહાન દૈવી શિખામણ લેવાની છે અને તે પૂર્ણ નિષ્કામ ભાવના. બધા યુગોમાં જેઓએ એની પ્રાપ્તિ કરીને તે પ્રમાણે આચરણ કર્યું છે તેઓ જ સંત, મહાત્મા અને ઉદ્ધારક ગણાયા છે. સંસારના સર્વ ધર્મગ્રંથો એ શીખવવા માટે જ રચવામાં આવ્યા છે. મહાન આચાર્યોએ પણ એ જ ઉપદેશ્યું છે. હૃદયને પવિત્ર બનાવવું એ જ સર્વ ધર્મોનું લક્ષ્ય છે અને ત્યાંથી જ આધ્યાત્મિકતાની શરૂઆત થાય છે.

સામાજિક આરામ, ક્ષણિક સુખ અથવા સાંસારિક વિજયથી જે શાંતિ મળે છે તે અનિત્ય છે, અને જીવનની અગ્નિપરીક્ષાના તાપમાં દગ્ધ થઈ જાય છે. કેવળ આધ્યાત્મિક શાંતિ સઘળા પ્રકારની પરીક્ષાઓની વચ્ચે એકરસ બની રહે છે અને કેવળ નિષ્કામ હૃદયદ્વારા જ એ શાંતિની પ્રાપ્તિ થઈ શકે છે.

પવિત્રતા જ અમર શાંતિ છે. આત્મ–સંયમથી એની પ્રાપ્તિ થાય છે અને એ માર્ગે યાત્રા કરનાર માટે નિરંતર વધતા વિવેકનો પ્રકાશ માર્ગપ્રદર્શકનું કામ કરે છે. ધર્મના માર્ગે આરૂઢ થતાં જ વિવેકનો પ્રકાશ સામે જ આવે છે, પરંતુ તેનો પૂરેપૂરો અનુભવ ત્યારે જ થાય છે કે જ્યારે નિર્દોષ જીવનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્વાલામાં અહંકાર વિલીન થઇ જાય છે.

જો તમે અનંત સુખ અને અનંત શાંતિની પ્રાપ્તિ કરવા ઇચ્છતા હો, જો તમે તમારા પાપોથી, દુઃખોથી, ચિંતાઓથી, મુશ્કેલીઓથી હંમેશ માટે મુક્ત થવા ઇચ્છતા હો, જો તમે મુક્તિ ઇચ્છતા હો અને પરમદિવ્ય જીવનની ઇચ્છા રાખતા હો તો તમે તમારી જાત પર વિજય પ્રાપ્ત કરો. તમારા હૃદયમાં રહેલી દૈવી શક્તિની આજ્ઞાનુસાર પ્રત્યેક વિચાર, પ્રત્યેક ભાવના તથા પ્રત્યેક કામનાને સંચાલિત કરો. એ સિવાય શાંતિનો બીજો કોઈ માર્ગ નથી. જો તમે એ માર્ગે ચાલવા માટે તૈયાર નહિ હો તો કર્મવિધિનું ગમે તેટલું પાલન કરશો તો પણ તે સઘળું નિષ્ફળ અને વ્યર્થ જશે. જે પોતાની જાત પર વિજય પ્રાપ્ત કરે છે તેને તે નવજીવનરૂપી સફેદ પથ્થર આપે છે, જેના ઉપર કદી પણ ન ભૂંસાય એવું નામ લખેલું હોય છે. તમારો સત્ય અને શાશ્વત આત્મા જ તમારી અંદર રહેનારું તીર્થસ્થાન છે. તમારી અંદર તે જ ઈશ્વરીય તત્ત્વ છે.

થોડા સમય માટે વિષયોથી, ઇન્દ્રિયોના ભોગોથી, બુદ્ધિના ઊહાપોહથી, સાંસારિક જંજાળથી અલગ થઇને તમારા હૃદયની ગુફામાં પ્રવેશ કરો. ત્યાં બધી સ્વાર્થયુક્ત કામનાઓના દૂષિત આક્રમણોથી મુક્ત થઇને તમને એક પવિત્ર શાંતિ, આનંદમય ધામની પ્રાપ્તિ થશે અને તમારા નિર્દોષ નેત્રો વસ્તુઓને વાસ્તવિક રૂપમાં જોશે.

બાહ્ય જગતમાં નિરંતર સંઘર્ષ, પરિવર્તન અને અશાંતિ ચાલી રહે છે, પરંતુ પ્રત્યેક વસ્તુની અંદર અક્ષય શાંતિ રહેલી છે. એ ગંભીર નિસ્તબ્ધતામાં ચેતનનો નિવાસ છે.

નાનાં બચ્ચાંની માફક નિર્દોષ બનો. તમારી દાનશીલતા એટલી વધારો, તેનો એટલો પ્રસાર કરો કે અહંકાર દયાના પ્રવાહમાં વહી જાય.

ઈર્ષ્યા ન કરો, ક્રોધ તેમજ દ્વેષથી અલગ રહો. સૌની પ્રત્યે સમાન અને એકરસ દયાભાવ રાખો અને એવું જ વર્તન કરો. કઠિનમાં કઠિન પરીક્ષામાં પણ કદિ કડવાશ ન આવવા દો અથવા કટુ શબ્દોનો પ્રયોગ ન કરો. ક્રોધને શાંતિથી, ઉપહાસને ધૈર્યથી અને દ્વેષને પ્રેમથી જીતી લ્યો. કદિ પણ વિતંડાવાદમાં ન પડો. શાંતિસ્થાપક બનો. કદિ પણ લોકોના ભેદભાવને ન વધારો, અથવા બીજા પક્ષની વિરુદ્ધ એક પક્ષને સહાયતા કરીને ઝગડો ન વધારો. સૌને સમાન રૂપે ન્યાય, પ્રેમ અને સદ્ભાવનું દાન કરો. બીજા આચાર્યો, ધર્મો તથા સંપ્રદાયો તરફ દ્વેષદૃષ્ટિ ન રાખો. ગરિબ તેમજ તવંગર, માલીક તેમજ નોકર, શાસક તેમજ શાસિતમાં ભેદભાવ ઉપસ્થિત ન કરો; એટલું જ નહિ પણ પોતપોતાના કર્ત્તવ્યોમાં રત થયેલા એ સૌ પ્રત્યે સમાન બુદ્ધિ રાખો. નિરંતર મનઃસંયમ કરવાથી કડવાશ અને દ્વેષને દૂર કરવાથી તેમજ આદર્શ દયાની પ્રાપ્તિ માટે યત્ન કરવાથી અંતે સાધુતાનો ઉદય થશે.

ફલની ચિંતા છોડીને પૂરેપૂરી પ્રામાણિકતાથી તમારાં કર્ત્તવ્યોનું પાલન કરો. સુખ અથવા સ્વાર્થની કામના તમને કર્ત્તવ્યમાર્ગથી ચ્યુત ન કરે એની સંભાળ રાખો. બીજાનાં કર્ત્તવ્યમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસ્તક્ષેપ ન કરો. હમેશાં ન્યાયશીલ રહો. કઠિનમાં કઠિન પરીક્ષામાં પણ સત્યથી વિચલિત ન થાઓ. દૃઢ સંકલ્પવાળો પુરુષ અજેય બને છે તે સંશય તથા ભ્રમની દુઃખમય જાળથી બચી જાય છે. તમને કોઈ ગાળ દે, નિન્દા કે મશ્કરી કરે તો તમે શાંત અને ધીર બનો અને એટલું યાદ રાખો કે જ્યાં સુધી તમે બદલો લેવા માટે તૈયાર નથી ત્યાં સુધી તમારું ખરાબ કરનાર તમને કશું નુકશાન નથી પહોંચાડી શકતો; ઊલટું એ ખરાબ કરનાર પ્રત્યે દયાભાવ રાખો–એટલું સમજીને કે તે પોતે પોતાને જ નુકશાન કરી રહેલ છે. પવિત્ર વિચારવાળો પુરુષ કદિ પણ એવું નથી વિચારતો કે બીજા લોકો તેને નુકશાન પહોંચાડે છે. તે તો પોતાના અહંકાર સિવાય કોઈને પણ શત્રુ નથી માનતો.

કેવળ સત્ય અને યથાર્થ વાતો જ કરો. શબ્દ, સંકેત કે ભાવથી કોઈનું પણ દિલ દુઃખાવવું નહિ. જે રીતે ઘાતકી સર્પથી બચવા યત્ન કરો છો તેવી રીતે મિથ્યાપવાદથી જ બચો. નહિ તો તમે તેની જાલમાં ફસાઈ જશો. જે માણસ બીજાની નિંદા કરે છે તે કદિ પણ શાંતિના માર્ગે પહોંચી શકતો નથી. નકામા બકવાદથી દૂર રહો. બીજાની વાતો પર વિચાર ન કરો અને કોઈ પ્રસિદ્ધ પુરુષની આલોચના ન કરો. તમારા શુદ્ધ આચરણદ્વારા તમારા ઉપર આરોપવામાં આવેલ દોષનું નિરાકરણ કરો. જે સન્માર્ગે નથી ચાલતો તેની નિન્દા ન કરો એટલું જ નહિ પણ તમે પોતે સન્માર્ગે ચાલીને દયાભાવથી તેનું રક્ષણ કરો સત્યના શુદ્ધ જળથી ક્રોધાગ્નિને શાંત કરો વિનયપૂર્વક વાતો કરો અને નીરસ, વ્યર્થ તથા નિષ્પ્રયોજન પરિહાસમાં ભાગ ન લ્યો. ગંભીરતા અને સૌ પ્રત્યે પૂજ્યભાવ જ શુદ્ધતા તથા જ્ઞાનનું ચિહ્ન છે.

સત્યના વિષયમાં વિવાદ ન કરો, બલ્કે સત્યમય જીવન બનાવો. સઘળો ભ્રમ તથા સંશયને દૂર કરીને અપરિચિત શ્રદ્ધાપૂર્વક જ્ઞાનના પાઠનો અભ્યાસ કરો. કોઇ પણ જાતના પ્રલોભનમાં પડીને સન્માર્ગથી વિચલિત ન થાઓ. આવેશમાં ન આવો. વાસનાઓ જાગૃત થતાં વેંત તેને રોકો અને નિર્મૂલ કરો. મન ચંચળ થઈ જાય તો તેને ઉચ્ચ વસ્તુઓમાં લગાડો. એમ ન ધારો કે તમને ગુરુ પાસેથી કે પુસ્તકોમાંથી સત્યની પ્રાપ્તિ થઈ શકે છે, તમને સત્યની પ્રાપ્તિ કેવળ સાધનાથી જ થઈ શકે છે. ગુરુ અને પુસ્તકો તમને શિક્ષણ સિવાય કશું આપી શકે તેમ નથી. એ બધું શિક્ષણ તમારે પોતે આચરણમાં ઉતારવું પડશે. કેવળ તે જ પુરુષો જ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે જેઓ પ્રાપ્ત કરેલા શિક્ષણનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરે છે અને પૂરેપૂરી રીતે પોતાના પ્રયત્ન ઉપર જ વિશ્વાસ રાખે છે. સત્યનું અર્જન કરવું જ પડશે. આત્માઓ અથવા મૃત પુરુષોની સાથે વાર્તાલાપ કરવાનો ઉદ્યોગ ન કરો. સત્યની સાધનાદ્વારા દિવ્ય જ્ઞાન, વિવેક અને ધર્મની પ્રાપ્તિ કરો. ગુરુમાં વિશ્વાસ રાખો, ધર્મમાં વિશ્વાસ રાખો અને ધર્મના માર્ગમાં વિશ્વાસ રાખો.

દૃઢ સંકલ્પી બનો. એક ઉદ્દેશ્ય રાખો. તમારા સંકલ્પને હંમેશાં દૃઢ કરતા જાઓ.

સઘળી અવસ્થાઓ અને પરિસ્થિતિમાં ધર્મ, આનંદ, શાંતિ, તપસ્યા, દયા, સાધુતા, શ્રદ્ધા, વિનય, ધૈર્ય અને ઇન્દ્રિયનિગ્રહ વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મુનિસુંદરસૂરિ.

લેખક: મોહનલાલ દલીચંદ દેશાઈ
B. A. LL. B. Advocate.

( ગતાંક પૃષ્ઠ ૨૧૬ થી શરૂ )

**૧૬. ગ્રંથો**–(૧) **ત્રૈવિ(વૈ)દ્યગોષ્ઠી**-આમાં લક્ષણ–વ્યાકરણ, છંદ–કાવ્ય અને પ્રમાણ–તર્ક એ ત્રણ વિદ્યા સંબંધી હકીકત આપી છે. પ્રથમ ભૂમિકામાં એ વિદ્યાનાં સાધનો:-૧ વિશુદ્ધ બુદ્ધિનો આભોગ. ૨ ગુરુસમાયોગ, ૩ સદ્ગુરુવિનયપ્રયોગ, ૪ સદ્પુસ્તકપ્રાપ્તિયોગ, ૫ પ્રમત્તતાનો વિયોગ, ૬ સતત ઉપયોગ (લક્ષણાનુસંધાન), ૭ શુદ્ધ અભિયોગ, ૮ દેહારોગ્ય, ૯ ભાગ્ય આદિ કહ્યાં છે. એ સર્વ એક સાથે દુર્લભ ગણાય, છતાં એ ધરાવનારા અનેક વિદ્વાનો થયા છે:- સિદ્ધસેન દિવાકર, મલ્લવાદિ, હરિભદ્ર, વાદિદેવ, હેમચંદ્ર વગેરે. લક્ષણગોષ્ઠિમાં જૈનેંદ્રાદિ વ્યાકરણનાં નામ બતાવી તેનું અધ્યયન કરવાની રીત ને તેથી થતાં લાભ કથેલ છે. છંદોનુશાસન ને કાવ્યગોષ્ઠીમાં છંદના ને કાવ્યના પ્રકાર બતાવેલ છે. પ્રમાણગોષ્ઠીમાં પ્રમાણનાં ભેદ કથેલ છે. પછી દેવ, ગુરુ, ધર્મ એ ત્રણ

---

દૈવી ગુણોનો જ પ્રકાશ કરો. ક્રોધ, ભય, સંદેહ, ઇર્ષ્યા, માત્સર્ય, રાગ, દ્વેષ તથા શોકથી પૂરેપૂરા મુક્ત થઈ જાઓ.

અધિકારની ઇચ્છા ન કરો. તમારા પક્ષનું સમર્થન ન કરો. બદલો લેવાનો વિચાર છોડી દો. જે તમને નુકશાન પહોંચાડવા યત્ન કરે છે તેનું પણ ભલું કરો. તમારો વિરોધ કરનાર તથા આક્ષેપ કરનાર પ્રત્યે પણ જેવો તમે તમારી જેવા વિચાર ધરાવનાર લોકો પ્રત્યે કરો છો તેવો સજ્જનતાનો વ્યવહાર કરો. બીજાની બાબતમાં તમારો નિર્ણય ન આપો. કોઈ પણ મનુષ્ય અથવા મતનો વિરોધ ન કરો અને સૌની સાથે શાંતિથી રહો.

યાદ રાખો-સ્વર્ગ કોઈ એવી કાલ્પનિક વસ્તુ નથી કે જે મૃત્યુ પછી પ્રાપ્ત થાય છે. તે એક યથાર્થ વસ્તુ છે અને હમેશાં હૃદયમાં ઉપસ્થિત રહેલી છે. જ્યાં પ્રેમ છે ત્યાં જ સ્વર્ગ છે અને ત્યાં જ સદા શાંતિનો નિવાસ છે.

હમેશાં પ્રેમ અને શાંતિનું ચિંતન કરો. એ બે જ મુખ્ય વસ્તુઓ છે, તે અનુસાર જ પૂરેપૂરી રીતે તમારા ચારિત્રનું ગઠન કરો અને તમારું જીવન ખૂબ જ આનંદમય થઈ જશે.

ભવબંધનથી મુક્તિ મેળવવા માટે જ ધર્મ તથા સદાચારના પ્રસિદ્ધ નિયમો વારંવાર ઉપદેશવામાં આવ્યા છે. કેવળ એક જ દૃષ્ટિથી કે તમને તેનું બરાબર સ્મરણ રહે અને તમે દૃઢતાપૂર્વક તેનો અભ્યાસ કરતા રહો. જીવનને શાંતિમય અને આનંદમય બનાવવા માટે બીજી કોઈ વસ્તુની આવશ્યકતા નથી તેથીં ખૂબ દૃઢતાપૂર્વક તેની સાધનામાં મંડયા રહો, અદ્ભુત સફળતાપૂર્વક તમને ઉદ્દેશ્યની પ્રાપ્તિ થઇ જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વનાં લક્ષણો—તે ત્રણની પરીક્ષા વગેરેનું નિરૂપણ કર્યું છે. આ સંસ્કૃત ગદ્યમાં છે અને તેમાં ક્યાંક શ્લોકોનાં અવતરણ છે. તેની આદિ અને અંત બે બે શ્લોકોથી કરી છેઃ—

जयश्रीलीलालीवितरत् ममानन्तमहिमा,
जिनः श्रीमान् वीरस्त्रिभुवनविभुः सर्वकलनः।
प्रवादा यस्यैवागमजलनिधेरत्र निखिलाः,
समादाय स्वैरं कतिपयलवान् सत्त्वमभजन्॥१॥
श्रीज्ञानसागराह्वस्वगुरूणां ज्ञानवारिधिम्।
उपजीव्योपदेशं च कुर्वे त्रैवि(वै)द्यगोष्ठिकाम्॥२॥

श्रीमत्तपागणनभोऽगणभास्कराभ-
श्रीदेवसुन्दरगणाधिपशिष्यकेण।
श्रीज्ञानसागरगुरूत्तमपाठितेन,
बाल्येऽपि तर्ककुतुकान्मुनिसुंदरेण॥१॥
शरशरमनुमितवर्षे १४५५
स्वस्यान्येषां च शैशवे सुधियाम्।
जिह्वापटिमोपकृते
विदधे त्रैवि(वै)द्यगोष्ठीयम् ॥२॥

આની ૧૧ પત્રની સં. ૧૫૧૬ માં લખાયેલી હાથપ્રત સરકારી ગ્રંથસંગ્રહ કે જે હાલ ભાંડારકર ઓરિયેન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ, પુનાના હસ્તક છે તેમાં છે કે જેનો જૈનગ્રંથ તરીકે નં. ૩૭૯ સને ૧૮૮૦–૮૧ છે, કીલ્હોર્ન રિ. ૧૮૮૦–૮૧ પૃ. ૭૭. (૨) પત્ર ૧૯ લ. સં. ૧૯૫૫ વૈ. શુ. ૧૪ ગુરુ, નં. ૨૪૩ જૈનાનંદ પુ. સુરત.

આ મુંબઇના લાલબાગ જૈન સંઘ તરફથી (હાલ સ્વ૦) શેઠ દેવકરણ મૂળજીએ પત્રાકારે નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સં. ૧૯૬૬ માં પ્રસિદ્ધ કરેલ છે.

(૨) **ગુર્વાવલી**—તેમાં ૪૯૬ શ્લોકમાં શ્રી વર્ધમાનપ્રભુથી માંડી તપાગચ્છના શ્રી દેવસુન્દરસૂરિ અને તેમના પટ્ટધર સોમસુન્દરસૂરિ અને તેમના શિષ્યો સુધીનો તેના રચનાકાલ સં. ૧૪૬૬ પર્યંતનો ક્રમ–શ્રેણિપૂર્વક ટૂંક વૃત્તાંત છે. કર્ત્તાના સૂરિ થવા પહેલાં સં. ૧૪૬૬ માં પૂર્ણ કરેલી આ ગ્રંથની રચના છે અને તે પોતાના ગુરુ(દીક્ષાગુરુ)ને ગચ્છનાયક શ્રી દેવસુન્દરસૂરિ પર મોકલેલી પર્યુષણાપર્વવિજ્ઞપ્તિ જેને ત્રિદશતરંગિણી નામ આપેલ તેના ત્રણ સ્રોતના છેલ્લા–તૃતીય સ્રોતરૂપે આ ગુર્વાવલી છે એમ અગાઉ કહેવાઇ ગયું છે. તેમાંથી કર્ત્તાના સમયની ઘણી વિશ્વસનીય હકીકત મળે છે. આ જૈન યશોવિજય ગ્રંથમાળા (૪) તરીકે કાશીમાં ય૦ જૈન પાઠશાલા તરફથી સન ૧૯૦૫ (સં. ૧૯૬૧) માં મુદ્રિત થઈ પ્રસિદ્ધ થયેલ છે. તેની ૧૧ પત્રની હસ્તપ્રત કાથવટેના રિપોર્ટમાં નં. ૧૩૬૧ તરીકે નોંધેલી પુના ભાં૦ ઈ૦ હસ્તકના સરકારી સંગ્રહમાં અને ૧૧ પત્રની પ્રત રો. એ. સો. મુંબઈ (નં. ૧૭૧૨ વેલણકર સૂચિ) માં છે, તેની આદિ 'जयश्रियं रातु जिनेन्द्रचन्द्रमाः' થી શરૂ થાય છે અને અંતના શ્લોકનું છેલ્લું ચરણ પણ 'જયશ્રી'વાળું 'सर्वाभीष्टफलप्रदः स जयति श्रीसङ्घकल्पद्रुमः' છે. આમાં પોતાનો જન્મ, દીક્ષા, વાચકપદ ક્યાં ને ક્યારે થયાં તે સંબંધી કર્ત્તાએ મૌન જ સેવ્યું છે.

(૩) **જિનસ્તોત્રરત્નકોશ**—આ કોશમાં અનેક સ્તોત્ર–સ્તવનો હોવાં જોઇએ, કારણ કે તેના એક કરતાં વધારે ભાગ 'પ્રસ્તાવ' એ નામથી પાડવામાં આવ્યા જણાય છે, અને તે પૈકી ૨૩ સ્તોત્રોનો પ્રથમ પ્રસ્તાવ યશોવિજય જૈન ગ્રંથમાલા–કાશી તરફથી પ્રકટ થયેલ 'જૈનસ્તોત્રસંગ્રહ ભાગ ૨'માં મુદ્રિત થયેલ છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## પંજાબના વર્તમાન.

### સફળ ઓપરેશન.

લુધીઆના શહેરના શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયમાં પૂજ્યપાદ્ આચાર્યવર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ સાહેબની છત્રછાયામાં પંન્યાસશ્રી સમુદ્રવિજયજી મહારાજની ડાબી આંખે ઉતરી આવેલ વેલનું ઓપરેશન સુપ્રસિદ્ધ ડોક્ટર **પાઠકે**, સુપ્રસિદ્ધ ડૉ૦ મુકુન્દરાય પારી અમદાવાદી અને વિલાયતીરામજી માલેરકોટી આદિની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક સેવાભાવથી કર્યું. સાતમે દિવસે આંખનો પાટો ખોલવામાં આવ્યો. પંન્યાસશ્રીજીની આંખે હવે શાતા છે.

---

## વિહાર.

પૂજ્યપાદ્ આચાર્યવર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની સપરિવાર લુધીઆના શહેરમાં સત્તર દિવસની સ્થિરતા દરમ્યાન જૈન–અજૈન જનતામાં ધર્મજાગૃતિ સારી આવી હતી.

**શ્રી આત્માનંદ જૈન સેવક મંડળની સ્થાપના થઈ.**

લાલા નરસિંહદાસજી મન્હાણી આચાર્યશ્રીજીના દર્શનાર્થે આવ્યા હતા. તેમણે ૧૨૯) રૂપિયા શ્રી આત્માનંદ જૈન સ્કુલ આદિને ભેટ આપ્યા.

આચાર્યશ્રી સપરિવાર લુધીઆનાથી વૈ. વ. સાતમે વિહાર કરી લાડુવાલ, ફલોર, પ્રતાપપુરા, નુરમહેલની સરાય થઇ વૈ. વ. ૧૧ શ્રીશંકર પધાર્યા. નગરજનો સાથે શ્રી સંઘે ભાવભીનું સુંદર સ્વાગત કર્યું. તૈયાર કરાવેલ મંડપમાં આચાર્યશ્રીજી પધાર્યા.

ગુરુસ્તુતિ થયા બાદ નગરનિવાસીઓ તરફથી આચાર્યશ્રીજીને માનપત્ર અર્પણ થયું.

આચાર્યશ્રીજીએ સમયોચિત ધર્મદેશના આપી, માંગલિક સંભળાવ્યા બાદ ઉપાશ્રયે પધાર્યા.

---

## નકોદરમાં પ્રવેશ.

પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાની શિષ્યપ્રશિષ્યાદિ મુનિમંડળી સાથે શ્રીશંકરમાં એક સપ્તાહ રોકાઇ પ્ર. જે. સુ. બીજે વિહાર કરી નકોદર પધાર્યા.

શ્રી સંઘ નકોદર અને નગરનિવાસીઓએ આચાર્યશ્રીજીનું ભાવભર્યું સ્વાગત કર્યું. દબદબાભર્યા સામૈયા સાથે આચાર્યશ્રી મંડપમાં પધાર્યા.

ગુરુસ્તુતિનાં ગાયનો થયાં. બાબુ કૃષ્ણકાન્તે આચાર્યશ્રીજીની વિદ્વત્તા અને શાસનપ્રભાવનાના કરેલાં કાર્યોના વખાણ કર્યાં.

શ્રી સંઘ નકોદર અને શ્રી આત્માનંદ જૈન બાલમિત્ર તરફથી પ્રાર્થનાપત્રો માસ્ટર કુંદનલાલજી અને બાબુ જિનેંદ્રપાલે વાંચી સંભળાવી આચાર્યશ્રીજીના કરકમળોમાં અર્પણ કર્યાં.

આચાર્યશ્રીજીએ પ્રાર્થનાપત્રોનો પ્રત્યુત્તર આપતાં પ્રાપ્ત થયેલ બુદ્ધિની સાર્થકતા કેવી રીતે કરવી એ વિષયમાં સુંદર પ્રકાશ પાડી, માંગલિક સંભળાવી ઉપાશ્રયે પધાર્યા.

---

## નકોદરમાં ગુરુજયંતિ મહોત્સવ.

પ્ર. જે. સુ. અષ્ટમી તા. ૨૩–૫–૪૨ શનિવારે જગદુદ્ધારક સ્વર્ગવાસી શ્રી ગુરુદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર (આત્મારામ)જી મહારાજનો જયંતિમહોત્સવ સમારોહથી ઉજવવામાં આવ્યો.

લાલા હમીરચંદ રામાદેવી જૈન ભવનની પાસે આવેલ વિશાલ સ્થાનમાં પંડાલ (મંડપ) બાંધવામાં આવેલ હતો. આચાર્યશ્રીજી અધ્યક્ષસ્થાને બિરાજ્યા હતા.

શ્રી ગુરુદેવની સ્તુતિના ગાયનો ગાયા બાદ શ્રી સંઘે જયંતિનાયક શ્રી ગુરુદેવની ભવ્ય પ્રતિકૃતિની વાસક્ષેપથી પૂજા કરી.

પંડિત હંસરાજજી શાસ્ત્રી, શ્રીઆત્માનંદ જૈન ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વર્તમાનમાં માસ્ટર પૃથ્વીરાજજી જૈન એમ. એ. બ્રહ્મચારી શંકરદાસજી જીરાવાળા, માસ્ટર મૂલખરાજજી, શ્રી આત્માનંદ જૈન સ્કૂલ લુધીઆના, બાબુ કૃષ્ણકાંતજી જૈન બી. એ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલા અમરનાથજી હોશીયારપુરી વિગેરે વક્તાઓના જયંતિનાયક શ્રી ગુરુદેવના જીવન વિષયિક વિદ્વત્તાભર્યાં ભાષણો થયાં.

પ્રોફેસર નથ્થાસિંહજીએ ઔપદેશિક પદ્યો સંભળાવી સભાજનોને રંજિત કર્યાં હતાં.

અંતમાં અધ્યક્ષસ્થાનેથી આચાર્યશ્રીજીએ ઉપસંહાર કરતાં મનનીય બોધ આપી જયંતિનાયક શ્રી ગુરુદેવના પગલે ચાલવા સૂચવ્યું હતું. બાદ સભા વિસર્જન થઈ હતી.

રાતના પણ વિરાટ સભા ભરવામાં આવી હતી. પંડિત હંસરાજજી શાસ્ત્રીજીએ "જૈન ધર્મ" એ વિષયમાં સુંદર ભાષણ આપ્યું અને પ્રોફેસર નથ્થાસિંહજીએ સંગીતથી સભાને રંજિત કરી હતી.

પટ્ટી તથા હુશીયારપુરના શ્રી સંઘોએ આચાર્યશ્રીજીને આગ્રહભરી વિનંતિઓ કરી હતી. પટ્ટી શ્રી સંઘની ચાતુર્માસની વિનંતિનો આચાર્યશ્રીજીએ સ્વીકાર કર્યો હતો.

બહારથી પધારેલા સાધર્મિક બંધુઓનું સ્વાગત નકોદર શ્રી સંઘે સુંદર રીતે કર્યું હતું.

આચાર્યશ્રીજી થોડા દિવસની અત્રે સ્થિરતા કરી ચાતુર્માસ માટે પટ્ટી તરફ વિહાર કરશે.

## અંબાલા.

અંબાલા શહેરમાં પ્ર. જેઠ શુદિ ૮ના રોજ સ્વર્ગવાસી ગુરુદેવ શ્રી ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિજી મહારાજનો જયંતિ મહોત્સવ સમારોહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

શ્રી આત્માનંદ જૈન કોલેજના વિશાળ ભવનમાં સવારના ૭॥ વાગે જૈન સંસ્થાઓના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને અન્ય નગરનિવાસીઓની એક સભા શ્રીયુત્ મંગતરાયજીના પ્રમુખપદે મળી હતી, જેમાં આચાર્યશ્રીજીના જીવન ઉપર પ્રકાશ પાડતા પ્રવચનો થયા હતા.

## ગુરુ જયંતિ-ભાવનગર.

આ વરસે બે જેઠ માસ હોવાથી તેમજ સં. ૧૯૯૫રની સાલમા પ્રથમ જેઠ શુદિ ૭ના રોજ મધ્યરાત્રિના ગુરુમહારાજ પ્રાતઃસ્મરણીય ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજનો સ્વર્ગવાસ થયેલ હોવાથી પ્રથમ જેઠ શુદિ ૮ શનિવારના રોજ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતિ પ્રસંગે આ સભાના સભાસદોએ શ્રી સિદ્ધાચલજી જઈ, રાધનપુરનિવાસી શેઠ મોતીલાલ મૂળજીભાઈ હા. શેઠ સકરચંદભાઈ તરફથી સવારના શ્રી સિદ્ધાચળજી ઉપર પૂજા ભણાવી, શ્રી આદીશ્વર ભગવાન, શ્રી પુંડરીકજી, શ્રી દાદાજીના પગલે વિ. ની આંગી રચાવી અને પુરબાઈની ધર્મશાળામાં સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

## વલાદ

પૂજ્યપાદ તપસ્વી શ્રી વિવેકવિજયજી તથા પૂજ્યપાદ્ આચાર્ય શ્રીમદ્ વિજયલલિતસૂરિજી મ. આદિની અધ્યક્ષતામાં ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીજી (આત્મારામજી) મ. ની જયંતિ પ્ર. જેઠ સુદ ૮ શનિવારના દિવસે ઘણા ઠાઠમાઠથી ઉજવાઇ હતી. આ પ્રસંગે ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. તેમજ સ્થાનિક જૈન જૈનેતર જનતા સારી સંખ્યામાં હાજર હતી. આચાર્યશ્રીજી, શ્રીયુત ચંદુલાલ, શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢાના જયંતિનાયકના ચરિત્ર સબંધી વિવેચન બાદ સભા વિસર્જન થઈ હતી.

## અમદાવાદ.

જગપ્રસિદ્ધ આચાર્યદેવ શ્રી વિજયાનંદ (આત્મારામજી)સૂરીશ્વરજીનો નિર્વાણદિન જેઠ સુ. ૮નો હોઇ શ્રી ઉજમબાઇની ધર્મશાળામાં સુંદર રીતે ઉજવવામાં આવ્યો હતો. શરૂઆતમાં પરમાત્માની સ્તુતિ કર્યા બાદ કવિ ભોગીલાલ, પં. શ્રી વિકાસવિજયજી, પં. શ્રી. પ્રભાવિજયજી તથા શ્રી કપૂરવિજયજી મહારાજના સુંદર પ્રવચન થયા હતા.

બાદ ઝવેરી મૂળચંદભાઇ વૈરાટી, શ્રી ફૂલચંદ દોશી અને આચાર્યદેવ વિજયકુસુમસૂરિજીએ સુંદર પ્રવચન કર્યું હતું. બાદ સભા વિસર્જન થઈ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઇટલ પૃષ્ઠ ૨ થી ચાલુ. )

વેચાણ, જ્ઞાન અને દર માસે થતાં નવા નવા લાઇફ મેમ્બર અને વાર્ષિક સભ્યોની આવક વગેરે આવકના ખાતા હોવાથી સામાન્ય તોટો આવે તો તે ખાતાઓથી પૂરી શકાય છે તેમ ધારી, માસિકનું જેમ લવાજમ વધારવું સભાને વ્યાજબી લાગ્યું નથી, તેમ સભાસદો–ગ્રાહકોનું તે માટે ફંડ કરવું યોગ્ય લાગ્યું નથી; તેમ દર વરસે અપાતી સુંદર ભેટની બુકમાં પણ ઉપરોક્ત કારણે આ વખતે કરકસર કરી માસિકની મહત્ત્વતામાં ઘટાડો પણ કરવાનો નથી જેથી આ વખતે **" ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરિ "** નામનું સુંદર પુસ્તક અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપવું સભાને યોગ્ય લાગ્યું છે.

**સ્વ. શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર** ( આત્મારામજી મહારાજ ) એમના સમયના એક યુગપ્રધાન પુરુષ હતા. જૈન સંઘને વીંટી વળેલો દોઢસો બસો વર્ષનો અંધકાર એમણે એકલે હાથે ઉલેચ્યો હતો. શાસ્ત્રભંડારોમાં ઢંકાઇ રહેલાં રત્નો એમણે ખુલ્લાં કરી બતાવ્યાં. તેઓ જેટલા ક્રિયાપરાયણ હતા તેટલા જ અધ્યયનશીલ હતા, જેટલા ક્રાંતિકારી હતા તેટલા જ ઋજુ અને નમ્ર હતા, જેવા ઉપાશ્રયના ઉપદેશક હતા તેવા જ સમર્થ પ્રચારક પણ હતા. સંયમ અને સિંહગર્જનાનો સુંદર સમન્વય એમની આકૃતિમાં, એમના સાહિત્યમાં અને જીવનવ્યવહારમાં પણ જોઇ શકાય છે. આવા એક મહાન પુરુષના ચારિત્રજીવનમાં બનેલા અનેક સુંદર પ્રસંગોનું વિસ્તારપૂર્વક વર્ણન આ ભેટની બુકમાં આપવામાં આવ્યું છે. જીવનચરિત્ર એ મનુષ્યજીવનને ઉન્નત બનાવવામાં અને મોક્ષ સુધી લઈ જવામાં એક માર્ગદર્શક વસ્તુ છે.

આ સભા તે પ્રાતઃસ્મરણીય ગુરુવર્યના સ્મરણાર્થે થયેલ હોવાથી તેમજ આવા અદ્વિતીય વિદ્વાન પુરુષ ઘણા વરસો પછી જન્મે છે, તેથી તેમના જીવનના સુંદર પ્રસંગો જીવનચરિત્રદ્વારા પ્રગટ કરવામાં આવે તો ભાવિ જૈન પ્રજાને તે પરમ ઉપકારી હોવાથી અમોએ રા. સુશીલ પાસે ગૂજરાતી ભાષામાં લખાવી, સુંદર ગૂજરાતી ટાઈપમાં ક્રાઉન આઠ પેજી મોટા કદમાં છપાવી, સુંદર ફોટાઓ મૂકી સુંદર દર્શનીય અને આકર્ષક ટાઈટલ મોટો ખર્ચ કરી તૈયાર કરાવેલ છે, તેથી અમો માનીએ છીએ કે અમારા માનવંતા ગ્રાહકોને આ ભેટ પુસ્તક આપવાથી આવા વખતે પણ સંતોષ અને આનંદ થશે. જેથી–

## અમારા માનવંતા ગ્રાહકોએ નીચે પ્રમાણે લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું.

**રૂ. ૩–૮–૦ 'આત્માનંદ પ્રકાશ'ના વર્ષ ૩૯ તથા ૪૦ના બે વર્ષના લવાજમના તથા ૦–૩–૦ ઉપરની ભેટ બુકનું પોસ્ટેજ.**

**ઉપર મુજબ આપના તરફથી રૂ. ૩–૧૧–૦ મનીઓર્ડરથી મળ્યા બાદ ભેટની બુક પોસ્ટદ્વારા મોકલવામાં આવશે. મનીઓર્ડરથી લવાજમ નહિ મોકલનાર ગ્રાહકોને તેના વી. પી. પોસ્ટના રૂ. ૦–૩–૦ મળી કુલ રૂ. ૩–૧૪–૦નું વી. પી. કરવામાં આવશે, જે સ્વીકારી આભારી કરશો. પ્રથમ લવાજમ મોકલનારને પોસ્ટનો પણ લાભ થશે.**

અશાડ શુદિ ૧૫ થી ભેટની બુક અગાઉથી લવાજમ નહિ આવેલ હશે તેઓશ્રીને વી. પી. થી મોકલવામાં આવશે, તે અમારા માનવંતા ગ્રાહકો સ્વીકારી લેશે, કોઇપણ કારણે વી પી સ્વીકાર્યા વગર પાછું મોકલી, આવા મોંઘવારીના વખતમાં નાહક જ્ઞાનખાતાને નુકશાન નહિ કરવા નમ્ર સૂચના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# पंचम कर्मग्रन्थः

( हिन्दी भाषान्तर )

चारों कर्मग्रन्थ पं. सुखलालजी से हिन्दी में अनुवाद कराके पहले मंडल से प्रकाशित हो चुके हैं।

पांचवाँ कर्मग्रन्थ भी उन्हीं की देखरेख में पं. कैलाशचन्द्र से हिंदी में अनुवाद कराके प्रकाशित करदिया है। कर्म फिलौस्फी के जाननेवालों के लिए यह ग्रन्थ बड़े महत्व का है। लगभग ५०० पृष्ठ पक्की जिल्द सहित। मूल्य ३) रू० मिलने का पत्ता—

मंत्री,

श्री आत्मानंद जैन पुस्तक प्रचारक मंडल

रोशन मुहल्ला-आगरा

---

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૨. | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨—૦–૦ |
| ૩. | સદર ભાગ ૨ જો. | રૂા. ૨—૮–૦ |
| ૪. | શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૫. | શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩—૦–૦ |
| ૬. | શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨—૮–૦ |
| | | રૂા. ૧૩—૮–૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨–૦–૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવશે.

---

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only